“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue - 57 | AD - 2025, Magshar Sud - 10 | Sunday, Dt.30-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મહેમૂદ મદનીનું નિવેદન ઉશ્કેરણીજનક અને વિભાજનકારી : ભાજપ

# મહેમૂદ મદનીનું ભડકાઉ ભાષણ : સુપ્રીમ કોર્ટને 'સુપ્રીમ' કહેવડાવાનો અધિકાર નથી

ભોપાલ,તા.૨૯

ભોપાલમાં જમિયત ઉલેમા-એ-હિંદની ગવર્નિંગ બોડીની બેઠકમાં મૌલાના મહેમૂદ મદનીએ કહ્યું કે વર્તમાન સમયમાં ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ નફરત ફેલાવવાના પ્રયાસો વધી ગયા છે. તેમણે કહ્યું કે 'જિહાદ' જેવા પવિત્ર શબ્દને આતંક અને હિંસા સાથે જોડવું ઈરાદાપૂર્વક કરવામાં આવી રહ્યું છે. મૌલાના મદનીએ કહ્યું—"લવ જિહાદ, લેન્ડ જિહાદ જેવા શબ્દો મુસલમાનોને બદનામ કરવા માટે બનાવવામાં આવ્યા છે. ઈસ્લામમાં જિહાદનો અર્થ અન્યાય અને અત્યાચાર વિરુદ્ધ સંઘર્ષ છે. જબ જબ જુલમ હોગા, તબ-તબ જિહાદ હોગા." તેમણે આરોપ લગાવ્યો કે મુસલમાનોને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમના ધાર્મિક પોશાક, ઓળખ અને જીવનશૈલી પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે મુસલમાનો આ દેશના સમાન નાગરિકો છે, પરંતુ શિક્ષણ, રોજગાર અને સામાજિક સમાનતાના અધિકારો જમીની સ્તરે નબળા પડી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એસઆઈઆર પણ હાથ ધરવામાં આવી રહ્યું છે, અને આ એક ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે. જો આપણે આના પર નજીકથી નજર રાખીએ, તો આપણે નિરાશા ટાળી શકીએ છીએ, કારણ કે નિરાશા કોઈપણ સમુદાય માટે ઝેર છે, અને જો કોઈ સમુદાય ટકી રહેવા માંગે છે, તો તેનાથી બચવું વધુ મહત્વપૂર્ણ છે. મૌલાના મદનીએ ન્યાયતંત્ર પર પણ સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે કોર્ટોએ નિષ્પક્ષ રહેવું જોઈએ, પરંતુ કેટલાક નિર્ણયોથી શંકા પેદા થઈ છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટ ત્યારે જ સુપ્રીમ કહેવાશે, જ્યારે



તે બંધારણનું સંપૂર્ણપણે પાલન કરશે. તેમણે દાવો કર્યો કે દેશની મોટી વસ્તી આજે પણ મૌન છે. જો આ વર્ગ નફરત ફેલાવનારાઓ તરફ ગયો તો દેશ માટે ખતરો ઊભો થઈ શકે છે. મદનીએ આરોપ લગાવ્યો કે મુસલમાનો વિરુદ્ધ બુલડોઝર કાર્યવાહી, મોબ લિંચિંગ, આર્થિક બહિષ્કાર અને નફરતભર્યા અભિયાનોનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે ધર્માંતરણ કાયદાઓ દ્વારા મુસલમાનોની દાવત (પ્રચાર) અને તાલીમને અપરાધ બનાવી દેવામાં આવ્યો છે, જ્યારે કેટલાક સંગઠનોને ખુલ્લી છૂટ છે. તેમણે વક્ફ સંપત્તિઓને લઈને પણ સરકારના હસ્તક્ષેપનો વિરોધ કર્યો અને કહ્યું કે વક્ફ મુસલમાનોની અમાનત છે, તેમાં દખલગીરી સહન કરવામાં આવશે નહીં. મૌલાના મદનીએ ગુરુ તેગ બહાદુર સાહેબની શહાદતને યાદ કરતા કહ્યું કે આ માત્ર શીખ ઈતિહાસ નથી, પરંતુ સમગ્ર ભારતીય વારસાની અમાનત છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈ શાસકના અત્યાચારને ઈસ્લામ સાથે જોડવો સદંતર ખોટું છે. ઈસ્લામનો સંદેશ ન્યાય અને માનવતા છે. ભાજપના સંબિત પાત્રાએ કહ્યું કે ભોપાલમાં તેમનું નિવેદન ઉશ્કેરણીજનક અને વિભાજનકારી હતું. અમે જોયું છે કે લોકોએ જેહાદના નામે માત્ર ભારતમાં જ નહીં પરંતુ ભારતની બહાર પણ આતંક ફેલાવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે મૌલાના મદનીએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટને સર્વોચ્ચ કહેવાનો કોઈ અધિકાર નથી. સુપ્રીમ કોર્ટે મૌલાના મદનીના નિવેદન પર સ્વતઃ નોંધ લેવી જોઈએ અને તેને સાંભળવું જોઈએ. સંબિત પાત્રાએ કહ્યું કે મૌલાના મદનીએ તેમના ભાષણમાં જેહાદ શબ્દનો ઉપયોગ કર્યો હતો, કહ્યું હતું કે જ્યાં પણ જુલમ થાય છે, ત્યાં જેહાદ ચલાવવો જોઈએ. આનો સખત વિરોધ વ્યક્ત કરતાં તેમણે કહ્યું, "આવા શબ્દો દેશને વિભાજીત કરવાનું કામ કરે છે. જેહાદના નામે વિશ્વના ઘણા ભાગોમાં આતંકવાદ ફેલાયો છે. ભારતમાં તેને ન્યાયી ઠેરવવું અસ્વીકાર્ય છે." તેમણે વધુમાં કહ્યું કે ભારતમાં જેહાદનું આહ્વાન કરવું એ દેશની એકતા પર હુમલો છે અને આ નિવેદનની તપાસ થવી જોઈએ.

# પુતિનની નવી દિલ્હી મુલાકાત પહેલા ભારત અને રશિયા સૌથી મોટા લશ્કરી કરાર પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૯

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નવી દિલ્હી મુલાકાત પહેલા ભારત અને રશિયા મિત્રતાના નવા અધ્યાય પર હસ્તાક્ષર કરવા માટે તૈયાર છે. આ ભારત અને રશિયા વચ્ચે અત્યાર સુધીનો સૌથી મોટો લશ્કરી કરાર હોઈ શકે છે. ભારત અને રશિયા વચ્ચેનો આ સંભવિત લશ્કરી કરાર પાકિસ્તાનથી લઈને ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ સુધીના દેશો માટે ચિંતાનું કારણ બની શકે છે.



રશિયન સંસદના નીચલા ગૃહ, સ્ટેટ ડુમાએ ૪-૫ ડિસેમ્બરે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત પહેલા ભારત સાથે એક મહત્વપૂર્ણ લશ્કરી કરારને મંજૂરી આપવા માટે અંતિમ તૈયારીઓ કરી લીધી છે. આ કરાર બંને દેશો વચ્ચે લાંબા સમયથી બાકી રહેલો પારસ્પરિક વિનિમય લોજિસ્ટિક્સ કરાર છે. આ કરાર પર આ વર્ષે ૧૮ ફેબ્રુઆરીએ મોસ્કોમાં ભારતીય રાજદૂત વિનય કુમાર અને તત્કાલીન રશિયાના નાયબ સંરક્ષણ પ્રધાન કર્નલ જનરલ એલેક્ઝાન્ડર ફોમિન દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રાજ્ય સમાચાર એજન્સી અનુસાર, સ્ટેટ ડુમાએ સંસદીય મંજૂરી માટે આરઈએલઓએસ દસ્તાવેજને તેની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કર્યો છે.

એક સરકારી નોંધમાં જણાવાયું છે કે આ કરાર રશિયા-ભારત લશ્કરી સહયોગને વધુ મજબૂત બનાવશે અને બંને સેનાઓ વચ્ચે પરસ્પર લોજિસ્ટિકલ સપોર્ટને સરળ બનાવશે.

# ચક્રવાત દિતવાહને કારણે ૩૦૦ ભારતીય મુસાફરો ૩ દિવસથી કોલંબો એરપોર્ટ પર ફસાયા

ચેન્નાઈ,તા.૨૯

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત દિતવાહ હવે ઉત્તરી તમિલનાડુ-પુડુચેરી કિનારા તરફ આગળ વધી રહ્યું છે. તેણે શ્રીલંકામાં ભારે વિનાશ સર્જ્યો છે અને ભારતના ઘણા ભાગોમાં ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. વધુ ચિંતાની વાત એ છે કે, છેલ્લા ત્રણ દિવસથી કોલંબોના બંધારનાયકે આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ૧૫૦ તમિલ મુસાફરો સહિત આશરે ૩૦૦ ભારતીય મુસાફરો ફસાયેલા છે.



ચક્રવાતને કારણે નાના વિમાનોની ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી છે, અને તેનો સામનો કરવા માટે તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ચક્રવાતને કારણે ફ્લાઈટ રદ થવાને કારણે દુબઈથી શ્રીલંકા થઈને ચેન્નાઈ આવતા મુસાફરો એરપોર્ટ પર ફસાયેલા છે. મુસાફરોએ પૂરતા પ્રમાણમાં ખોરાક, પાણી અને મૂળભૂત સુવિધાઓનો અભાવ હોવાનું જણાવ્યું હતું. ઘણા લોકો ફ્લોર પર સૂવા માટે મજબૂર છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને આ બાબતની નોંધ લીધી અને જાહેર બાંધકામ વિભાગના સચિવને કોલંબોમાં ભારતીય દૂતાવાસ સાથે તાત્કાલિક સંકલન કરવાનો આદેશ આપ્યો. ભારતીય ઉચ્ચ કમિશનના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો છે, અને ફસાયેલા તમામ તમિલ નાગરિકોને સુરક્ષિત અને ઝડપથી ભારત પાછા લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

# નીતિશ કુમારે ૧૦ લાખ મહિલાઓને ખાતા દીઠ ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા

પટણા,તા.૨૯

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે 'મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના' હેઠળ ૧૦ લાખ લાભાર્થી મહિલાઓના ખાતામાં કુલ ૧,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા, જે દરેકને ૧૦,૦૦૦ રૂપિયા થાય છે. અગાઉ, ૧.૪૬ કરોડ લાભાર્થી મહિલાઓના ખાતામાં ૧૪,૬૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ સાથે, યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧.૫૬ કરોડ મહિલાઓને કુલ ૧૫,૬૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.



મુખ્યમંત્રી નીતિશ કુમારે ૧, એન માર્ગ ખાતેના તેમના નિવાસસ્થાનેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ મહિલા લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આ વખતે બિહારના લોકોએ રાષ્ટ્રીય લોકશાહી જોડાણને વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય અપાવીને રાજ્યની સેવા કરવાની બીજી તક આપી છે. તેમણે મહિલાઓ સહિત રાજ્યના તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો.

મુખ્યમંત્રીએ કહ્યું કે 'મહિલા રોજગાર યોજના' હેઠળ, ૧૦ લાખ મહિલાઓને તેમની પસંદગીના રોજગાર માટે ૧૦,૦૦૦ રૂપિયાની રકમ મોકલવામાં આવી હતી. અગાઉ, ૧.૪૬ કરોડ મહિલાઓને આ સહાય પૂરી પાડવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ યોજનાની મદદથી મોટી સંખ્યામાં મહિલાઓએ પોતાના વ્યવસાયો શરૂ કર્યા છે.

નીતીશ કુમારે કહ્યું કે જે લાભાર્થીઓ પોતાનું કાર્ય સારી રીતે કરે છે તેમને ભવિષ્યમાં ૨ લાખ રૂપિયા સુધીની સહાય મળશે. તેમણે કહ્યું કે આવતા મહિના સુધીમાં, બાકીના તમામ પરિવારોની મહિલાઓને પણ સહાય મળશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની સરકારે શરૂઆતથી જ મહિલા સશક્તિકરણને પ્રાથમિકતા આપી છે. મુખ્યમંત્રીએ કહ્યું, "મને વિશ્વાસ છે કે ૧૦,૦૦૦ રૂપિયાની આ સહાય મહિલાઓને આત્મનિર્ભર બનવામાં મદદ કરશે. આનાથી પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો થશે ઉપરાંત રાજ્યના વિકાસને પણ વેગ મળશે." તેમણે કહ્યું કે જીવિકા દિદીઓનો આત્મવિશ્વાસ જોઈને તેઓ ખુશ છે. કુમારે કહ્યું કે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારના સમર્થનથી, તમામ વર્ગોના વિકાસ માટે સતત કામ કરી રહી છે.







# શિયાળુ સત્ર દરમ્યાન ચાર ક્ષેત્રમાં સુધારાઓ લાવવા કેન્દ્ર સરકારની તૈયારી

નવીદિલ્હી,તા.૨૯

સરકાર આ વર્ષના અંત સુધીમાં ચાર મુખ્ય ક્ષેત્રોમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા માટે મોટા સુધારાઓ તૈયાર કરી રહી છે: પરમાણુ ઉર્જા, સંરક્ષણ, વીમા અને કૃષિ. આ સુધારાઓના ભાગ રૂપે, સંસદના આગામી શિયાળુ સત્રમાં નવા કાયદાઓ પણ રજૂ કરવામાં આવશે. આ પગલાં નીતિ આયોગ સમિતિની ભલામણોના આધારે લેવામાં આવી રહ્યા છે, જેનો હેતુ ભારતને વિદેશી રોકાણ માટે વધુ આકર્ષક બનાવવાનો છે. સરકાર માને છે કે આ ક્ષેત્રોમાં જાહેર-ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને અદ્યતન ટેકનોલોજીને સમાવવા માટે હાલના નિયમોમાં ફેરફાર જરૂરી છે. પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં, સરકાર ખાનગી ક્ષેત્ર માટે દરવાજા ખોલવાની યોજના ધરાવે છે. હાલમાં, આ ક્ષેત્રમાં એફડીઆઈ પ્રતિબંધિત છે, પરંતુ પરમાણુ ઊર્જા બિલ, ૨૦૨૫, એફડીઆઈ શાસનને સક્ષમ બનાવશે. આ એક વ્યાપક પરમાણુ ઊર્જા કાયદો પણ રજૂ કરશે જે ખાનગી ક્ષેત્રને રોકાણ કરવાની મંજૂરી આપશે.



# જિલ્લા ભાજપ કાર્યાલયે SIR અભિયાન અંતર્ગત માર્ગદર્શન બેઠક યોજાઈ



અમરેલી,તા.૨૯

ગુજરાતમાં ચાલી રહેલ SIR અભિયાન એટલે કે મતદાર યાદી વિશેષ સુધારણાને વધુ સરળ અને ઝડપી બનાવી શકાય તેમજ મતદારોને સરળતા રહે તે હેતુસર અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે પક્ષના આગેવાનો, આ અભિયાન અંતર્ગત નિયુક્ત કરેલા વકીલો તેમજ BLA-૧ કાર્યકરોને વિશેષ જાણકારી મળી રહે તે માટે પ્રદેશ ભાજપની સૂચના મુજબ બેઠક રાખવામાં આવેલ. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને મળેલ આ બેઠકમાં SIR અભિયાન સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિતોને આ સંદર્ભે સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી હતી. આ બેઠકમાં વકીલ કાર્યકર્તા જિલ્લા ટીમના સંયોજક મયુરભાઈ માંજરીયા, સહ સંયોજક વિપુલભાઈ દુધાત, કમલેશભાઈ સોલંકી તેમજ વિધાનસભા મુજબ નિમણૂંક કરેલા BLA-૧ ધારીના જીતુભાઈ જોશી, અમરેલીના પી.વી. વસાણી, લાઠીના મુકેશભાઈ ખોખરીયા, સાવરકુંડલા જીવનભાઈ વેકરીયા, રાજુલાના જીગ્નેશભાઈ પટેલ ઉપરાંત ધીરૂભાઈ કોટડીયા, રવુભાઈ ખુમાણ, મનોજભાઈ મહીડા, હિંમતભાઈ દોંગા, કેશુભાઈ વાઘેલા, સાગરભાઈ સરવૈયા, ધર્મેશભાઈ વિસાવળીયા, અરવિંદભાઈ મેવાડા, કેતનભાઈ ઢાંકેચા સહિત જિલ્લાના મંડળ પ્રમુખ અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ જિલ્લા ભાજપની અખબાર યાદીમાં જણાવેલ હતું.

# અમરેલીમાં આજે કૌશિક વેકરીયાના હસ્તે નવી ૧૯ એસ.ટી. બસોનું લોકાર્પણ

**ફુલ ૪૩ બસો ચાલુ નાણાકીય વર્ષમાં ફાળવવામાં આવી**

અમરેલી,તા.૨૯

ગુજરાત સરકાર તથા એસ.ટી. વિભાગના હાયર મેનેજમેન્ટ દ્વારા રાજ્યની જનતા સુખાકારી અને આરામદાયક મુસાફરીનો લાભ લઈ શકે તે હેતુથી અમરેલી એસ.ટી. વિભાગ માટે પહેલા ફાળવેલી ૨૪ બસો ઉપરાંત હાલમાં વધારાની ૧૯ નવી બસો ફાળવવામાં આવી છે. આ રીતે કુલ ૪૩ બસો ચાલુ નાણાકીય વર્ષમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અંતર્ગત આજ રોજ તા. ૩૦.૧૧.૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અમરેલી બસ સ્ટેશન ખાતે રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા (કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા–પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક તથા સંસદીય બાબતો) ના વરદ હસ્તે નવીન ૧૯ બસોના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ પગલું જિલ્લામાં જાહેર પરિવહન સુવિધાઓને વધુ સશક્ત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ બની રહ્યું છે.

# ભાવિન સોજીત્રા અમરેલી માર્કેટિંગ યાર્ડના ચેરમેન બનતા સન્માન કરાયું



અમરેલી,તા.૨૯

તાજેતરમાં યોજાયેલી અમરેલી માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ભાવિનભાઈ સોજીત્રા નાની ઉંમરમાં બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ તકે અમરેલીના સેવાભાવી જાની દાદાએ ભાવિનભાઈને સ્વયંભૂ નાગનાથ દાદાનો ફોટો અર્પણ કરી તથા શાલ ઓઢાડીને તેમનું વિશેષ સન્માન કર્યું હતું.

# અમરેલીમાં 'સંવિધાન દિવસ'ની ઉજવણીમાં વિવાદ: 'મનુસ્મૃતિ' પુસ્તકનું વિતરણ કરાતા વકીલોમાં રોષ

અમરેલી, તા.૨૯

અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ગત તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ યોજાયેલા "સંવિધાન દિવસ" ના કાર્યક્રમમાં મદદનીશ સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી દ્વારા મહેમાનોને ગિફ્ટમાં 'મનુસ્મૃતિ' પુસ્તક અપાતા ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટનાને પગલે અમરેલી વકીલ મંડળના સભ્યોએ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને પત્ર લખીને સંબંધિત વકીલ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. અમરેલી ન્યાય મંદિર કેમ્પસમાં આવેલા ન્યુ એડવોકેટ્સ બિલ્ડીંગમાં ડિરેક્ટોરેટ ઓફ પ્રોસીક્યુશન દ્વારા આયોજિત પરિસંવાદ કાર્યક્રમમાં નાયબ સેશન્સ જજ બુખારી, એસ.પી. સંજય ખરાત સહિત ન્યાયાધીશો અને વકીલો ઉપસ્થિત હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કાર્યક્રમનું સંચાલન કરી રહેલા મમતાબેન ત્રિવેદીએ આમંત્રિતોને ગિફ્ટ કવરમાં પેક કરીને પુસ્તકો ભેટ આપ્યા હતા. પાછળથી આ પુસ્તક 'મનુસ્મૃતિ' હોવાનું જણાતા વકીલોમાં નારાજગી ફેલાઈ હતી.

જ્યારે આ બાબતે વિરોધ થયો ત્યારે મમતાબેન ત્રિવેદીએ વકીલો સમક્ષ સ્વીકાર્યું હતું કે ડી.જી.પી. જયેન્દ્રભાઈ રાજ્યગુરુની ગેરહાજરીમાં તેમણે સંચાલન કર્યું હતું અને તેમનાથી આ પુસ્તક આપવાની ભૂલ થઈ છે. જોકે, વકીલ મંડળે આ કૃત્યને ઈરાદાપૂર્વકનું ગણાવી, મમતાબેન ત્રિવેદી સામે યોગ્ય કાર્યવાહી કરવા માટે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, વડાપ્રધાન, મુખ્યમંત્રી અને કાયદામંત્રી સહિતના મહાનુભાવોને લેખિત રજૂઆત કરી છે.

# બાબાપુર-સરંભડા રોડ વાઈડનિંગનું આજે કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત



અમરેલી,તા.૨૯

આજ રોજ બાબાપુર–સરંભડા રોડના વાઈડનિંગ અને સ્ટ્રેન્થનિંગ માટે અંદાજિત રૂ. ૭ કરોડના વિકાસકાર્યનું શુભ ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષા મંત્રી તથા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગ્રામજનો, વડીલો, યુવાનો અને કાર્યકર્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. કાર્યક્રમ સવારે ૯:૦૦ વાગ્યે સ્વામિનારાયણ ગુરુકુળ, તરવડા મેઈન ગેટ સામે યોજાશે.

# સાંસદ ભરત સુતરીયાની રેલવે અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



અમરેલી,તા.૨૯

અમરેલી લોકસભા વિસ્તારના રેલવે સંબંધિત પ્રશ્નો અને વિકાસ કાર્યો અંગે સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં રેલવે વિભાગના DRM ભાવનગર તથા ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદે મુસાફરોની સુવિધા માટે અમરેલીથી અમદાવાદ દૈનિક ટ્રેન વહેલાસર શરૂ કરવા તેમજ અમરેલીથી સુરત-મુંબઈ ટ્રેન શરૂ કરવા માટે રેલવે અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, ભાવનગર-વડીયા-પોરબંદર ટ્રેનમાં હાલના ૦૭ કોચના બદલે ૧૦ કોચ કરવા પણ ભલામણ કરી હતી. સાથે જ આ બેઠકમાં અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી જેમાં અમરેલી-ચલાલા-ધારી-સોમનાથ રેલવે લાઈનનું કામ ઝડપથી પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર શરૂ કરવો. સાવરકુંડલા શહેરી વિસ્તારમાં માર્કેટયાર્ડ પાસે આવેલ ફાટક પહોળું કરવું અને જેસર રોડ પર હોસ્પિટલના રસ્તે અન્ડરબ્રિજ બનાવવો. અમરેલી જિલ્લાના તમામ રેલવે સ્ટેશનો પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને સ્ટેશન વિકાસ, પ્લેટફોર્મ વિસ્તરણ, સ્વચ્છતા અને મુસાફરોની સુરક્ષા બાબતે વિશેષ ધ્યાન આપવા મુદ્દે ભાર મુકવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન રેલવે અધિકારીઓએ જિલ્લામાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે માહિતી આપી હતી. તેમજ સાંસદના સૂચનોને ધ્યાને લઈ સ્થળ તપાસ કરી હકારાત્મક કાર્યવાહી કરવાની અને કામો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

# મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં મિશન સ્માઈલ કાર્યક્રમ યોજાયો



તસવીર : ગોપાલ રાઠોડ

પીપાવાવ,તા.૨૯

રાજ્ય સરકારના સુરક્ષા હેતુ કાર્યક્રમ અંતર્ગત મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના વિસ્તાર હેઠળના સમઢીયાળા, ખેરા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મિશન સ્માઈલની સમજ આપવા માટેનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ અગ્રણી વ્યક્તિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોને ગુડ ટચ અને બેડ ટચ તેમજ સારા ખરાબ માણસોની સમજ આ વિશેષ કાર્યક્રમમાં આપવામાં આવી હતી. જો આવો કોઈ પણ બનાવ તેમની સાથે બને તો વિદ્યાર્થીઓએ શું કરવું તેની સમજ આપવામાં આવી હતી. આ બાબતે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. બાળકો સાથે મળી પ્રશ્નોત્તરીના ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર પોલીસ સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

# બાબરાના લુણકી ગામે પંચાયત ભવનનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત



બાબરા,તા.૨૯

બાબરા તાલુકાના લુણકી ગામમાં નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત્ રીતે પૂર્ણ થયું હતું. લુણકી ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. નવું પંચાયત ભવન બનવાથી— ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ થશે અને ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉદબોધન કરતાં જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે, લુણકી ગામ માટે આગામી દિવસોમાં અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે જેથી ગામની સુવિધાઓમાં ગતિ મળે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપના પ્રમુખ, ગામના સરપંચ, ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દેરડી જાનબાઈની સરકારી માધ્યમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા દેરડી જાનબાઈ ગામની શાળામાં કલાપી વિકાસ સંકુલ કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં અતિથિ વિશેષ જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, જિલ્લા શિક્ષણ અધિકારી એમ. બી.ગોહિલ, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રોફેસર ભરતભાઈ ડેર તથા દેરડી જાનબાઈ ગામના સરપંચ, માજી સરપંચ તથા તમામ સંઘના પ્રમુખ તથા હોદેદાર સભ્યો, લાઠી, લીલીયા અને બાબરા તાલુકાના માર્ગદર્શક શિક્ષકો, ગણિત-વિજ્ઞાન વિષયના નિર્ણાયકો, દેરડી ગામના અગ્રણી ગ્રામજનો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ હાજરી આપી વિદ્યાર્થીઓ તથા બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય નિરવભાઈ કારિયા દ્વારા થયું. ત્રણ તાલુકાના વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ વિભાગોમાં ૭૫ જેટલી કૃતિઓ કરાઈ હતી. વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ દ્વારા સન્માનિત કરાયા. આ તકે શાળાના દીપાબેન સોનેજી દ્વારા મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને વાલીઓનો આભાર વ્યક્ત કરાયો હતો.









# વડીયાનું સદગુરુનગર બિન-અધિકૃત અનાજના જથ્થાનું એપી સેન્ટર બન્યું



વડીયા,તા.૨૯

વડીયાના સદગુરુનગરમાં સરકારી અનાજનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ થતો હોવાની બાતમીના આધારે વડીયા ઈન્ચાર્જ મામલતદાર અને તેમની ટીમે શુક્રવારે આખો દિવસ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં બે મકાનોમાંથી કુલ ૩૦૫૦ કિલો જેટલો બિન-અધિકૃત અનાજનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. વડીયામાં છેલ્લા એક અઠવાડિયામાં આ પ્રકારનો જથ્થો પકડાવાની આ ત્રીજી ઘટના છે, જેના કારણે સદગુરુનગર હવે અનાજ માફિયાઓનું એપી સેન્ટર બની ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. શુક્રવારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં વડીયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધી અને ઈન્ચાર્જ પુરવઠા મામલતદાર કુલદીપસિંહ સિંધવની ટીમે સદગુરુનગરમાં તપાસ આદરી હતી. જેમાં એક રહેણાંક મકાન અને એક બંધ મકાનમાંથી અનાજ મળી આવ્યું હતું. બંધ મકાનમાં પંચ રોજકામ કરી તાળા તોડીને તપાસ કરતા ઘઉં, ચોખા અને ચણા સહિતનો ૩૦૫૦ કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

## મામલતદારની ટીમે ૩૦૫૦ કિલો જથ્થો ઝડપ્યો

સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને અન્ન સુરક્ષા હેઠળ મફત અનાજ આપવામાં આવે છે, પરંતુ કેટલાક લાભાર્થીઓ આ અનાજનો ખોરાકમાં ઉપયોગ કરવાને બદલે ફેરિયાઓને વેચીને રોકડ રકમ મેળવી રહ્યા હોવાનું સામે આવ્યું છે. આ ફેરિયાઓ જથ્થો એકત્રિત કરી કમિશનથી અનાજ માફિયાઓને વેચી મારે છે, જેના કારણે સરકારની યોજનાનો દુરુપયોગ થઈ રહ્યો છે.

## કૌભાંડ ધાર્યા કરતાં મોટું હોવાની આશંકા

વડીયાની મામલતદાર ટીમ એક્શન મોડમાં આવીને આવા કૌભાંડો પર તવાઈ બોલાવી રહી છે. જોકે, લોકમુખે થતી ચર્ચા મુજબ આ કૌભાંડ વ્યાપક હોઈ શકે છે. જો તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો અનાજ વેચીને સરકારને ચૂનો લગાડતા અનેક 'બની બેઠેલા ગરીબો' સામે આવી શકે છે. હવે આ મામલે જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકાર દ્વારા કેવા પ્રકારના કડક પગલાં લેવામાં આવે છે તે જોવું રહ્યું.

# અમરેલીના લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ.ની અધ્યક્ષતામાં લોન મેળો યોજાયો



લીલીયા,તા.૨૯

અમરેલી એસ.પી. સંજય ખરાતની સૂચના અને ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકેના અધ્યક્ષ સ્થાને લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઊંચા વ્યાજદરના દેવામાં ડૂબેલા લોકોને રાહત આપવા માટે આ મેળાનું આયોજન થયું હતું. સહકારી મંડળી શ્રી શુભ લક્ષ્મીના મેનેજર કમલેશ બાપુ અગ્રાવત અને ક્રિષ્ના શરાફી મંડળીના જીતુભાઈ ડી. પાઠક દ્વારા ઓછા વ્યાજના ધિરાણ મેળવી નિયમિત હપ્તા ભરી ઊંચા વ્યાજમાંથી મુક્તિ મેળવવા અંગે સમજ આપવામાં આવી હતી. S.B.I. બેંક મેનેજર હિતેષભાઈ પટેલે સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સરળતાથી લોન કેવી રીતે મેળવવી તેની માહિતી આપી હતી. આ તકે લીલીયા P.S.I. વાય.એમ. જાડેજા, બગસરા શરાફી મંડળીના બ્રાન્ચ મેનેજર ધર્મેન્દ્ર ગાયજન સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં લીલીયાની હરિપર પ્રાથમિક શાળાની કૃતિની જિલ્લા કક્ષાએ પસંદગી



અમરેલી,તા.૨૯

ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૫માં લીલીયા તાલુકાની હરિપર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરી શાળા અને સમગ્ર તાલુકાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓ સમા અમન આર. અને દર્શિકા ડી. રાઠોડ તેમજ ધોરણ ૮ની તૃપ્તિ બી. વાઘેલા અને ધોરણ ૭ની કરિશ્મા આર. ગોગદાણીએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

આ પૈકી બાળ વૈજ્ઞાનિકો તૃપ્તિ બી. વાઘેલા (ધો. ૮) અને કરિશ્મા આર. ગોગદાણી (ધો. ૭) ની કૃતિની આગામી અમરેલી જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદગી કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓને માર્ગદર્શક શિક્ષક રાજેશભાઈ પાનસુરીયાનું સુંદર માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આગામી સમયમાં આ બાળ વૈજ્ઞાનિકો વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ શાળા પરિવાર દ્વારા પાઠવવામાં આવી છે.

# લાઠીના ભાલવાવ ગામે રૂ. ૯૦ લાખના ખર્ચે બનનારા પુલનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત



લાઠી,તા.૨૯

લાઠી તાલુકાના ભાલવાવ ગામે ગ્રામજનોની લાંબા સમયથી ચાલતી માંગને પૂર્ણ કરતા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે રૂ. ૯૦ લાખના ખર્ચે નિર્માણ પામનારા પુલનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવો પુલ ભાલવાવ સહિત આસપાસના અનેક ગામોને એકબીજા સાથે જોડતો મુખ્ય માર્ગ બની રહેશે.

આ પુલના નિર્માણથી ગ્રામજનોને સુરક્ષિત મુસાફરી, ખેડૂતોને પાક અને માલસામાનના ઝડપી પરિવહન તેમજ નજીકના બજારો અને હોસ્પિટલ સુધી પહોંચવામાં સરળતા રહેશે, જે સમગ્ર વિસ્તારના વિકાસ માટે નવા દ્વાર ખોલશે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સભ્યો, ગામના સરપંચ, આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગજેરા કેમ્પસ વિદ્યાસભાને ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસોસિએશન ન્યૂ દિલ્હી અને GFSMA–Gujarat તરફથી એવોર્ડ એનાયત

BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.





અમરેલી,તા.૨૯

ગજેરા કેમ્પસ–વિદ્યાસભાને ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસોસિયેશન, ન્યૂ દિલ્હી અને GFSMA–Gujarat દ્વારા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાંથી ૬૫૦ શાળાઓએ એન્ટ્રી મોકલી હતી જેમાંથી ૧૪૩ની પસંદગી થઈ હતી. ગજેરા કેમ્પસે શૈક્ષણિક સુવિધાઓ, ડિજિટલ શિક્ષણ, રોબોટિક્સ લેબ, રમતગમત, કલા–સાહિત્ય અને સ્કિલ ડેવલપમેન્ટ જેવા ૧૦થી વધુ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરીના આધારે સ્થાન મેળવ્યું. સંસ્થા પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું કે "બાળકોને ફક્ત શિક્ષણ નહીં, પરંતુ સર્વાંગી વિકાસ દ્વારા ઉત્તમ નાગરિક બનાવવું અમારું કર્તવ્ય છે." સંસ્થાના વડા વસંતભાઈ પેથાણીએ આ એવોર્ડ સ્ટાફની મહેનત અને ગજેરા સાહેબના માર્ગદર્શનને સમર્પિત કરતાં ગૌરવ વ્યક્ત કર્યું. તાજેતરમાં સૌરાષ્ટ્રના સર્વોત્તમ શૈક્ષણિક સંસ્થા તરીકે મુખ્યમંત્રીએ આપેલો એવોર્ડ પણ વિદ્યાસભાની સિદ્ધિને વધુ મજબૂત બનાવે છે. નર્સરીથી કોલેજ સુધીની નિવાસી સુવિધા ધરાવતું આ કેમ્પસ વિદ્યાર્થીઓના ભાવિ વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# જિલ્લામાં નશામાં ચૂર થઈને ફરતા ૧૦ ઝડપાયા

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતા ૧૦ ઈસમોને ઝડપી પાડ્યા હતા. લુણસાપુર, ડુંગર ગેટ, સાવરકુંડલા, વડલી, કમી, દલખાણીયા, સુખપુર ગામેથી આ ઈસમો ઝડપાયા હતા. આ સિવાય જિલ્લામાં પાંચ ઈસમો પાસેથી ૧૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

CHANGE OF NAME
I Undersing I VAGHASIYA UMESHBHAI MANSUKHBHAI have changed my name from VAGHASIYA UMESHKUMAR MANSUKHBHAI To VAGHASIYA UMESHBHAI MANSUKHBHAI (New) Now i will be known as VAGHASIYA UMESHBHAI MANSUKHBHAI (new)
Sing : VAGHASIYA UMESHBHAI MANSUKHBHAI
Address: RAMJI MANDIR PASE,AT-JUNA JANJARIYA,TAL-BAGASARA-DIST-AMRELI-365440

## જાહેર હરરાજી

આથી રસ ધરાવતા લોકોને જાહેર નિવેદન કરવામાં આવે છે કે ધારી તાલુકાના મોટી ગરમલી ગામે આવેલ જર્જરિત હોલ નંગ-૨ ની જાહેર હરરાજી હોય જેનો તોડી પાડવાનો મંજુરીનો હુકમ અનુક્રમ નં. (૧) નં. તા.પં./જીર્ણમકાન/તોડવા/મંજુરી/વશી/૦૪/૦૮/૨૦૨૫ તા.૦૪/૦૮/૨૦૨૫ તથા (૨) નં.તા.પં./જીર્ણમકાન/તોડવા/મંજુરી/વશી/૦૬/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫ મુજબ મંજુર થતા જર્જરિત હોલ નંગ-૦૨ ની જાહેર હરરાજી માટે ગ્રાપંચાયતની સામાન્ય સભાની બેઠક તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ ઠરાવ નં. -૧૦ તથા ઠરાવ નં. - ૧૩ થી નક્કી કરવામાં આવેલ હોય જેથી જર્જરિત હોલ નંગ - ૦૨ ની હરરાજી તા. ૦૯/૧૨/૨૦૨૫ (મંગળવાર) ના રોજ ગ્રામપંચાયત કચેરીએ નિયમાનુસાર રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા લોકોએ મોટી ગરમલી ગ્રામપંચાયત ખાતે તા. ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે હાજર રહેવુ.

અપસેટ પ્રાઈઝ (૧) હોલ - ૧ ૧૫,૫૦૦/-
(૨) હોલ - ૨ ૧૧,૦૦૦/-

લી.

તલાટી કમ મંત્રી, મોટી ગરમલી ગ્રામ પંચાયત, તા. ધારી
સરપંચશ્રી, મોટી ગરમલી ગ્રામ પંચાયત, તા. ધારી

સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર ઓપરેટર
સેલ્સમેન
સેલ્સ ગર્લ્સ
અનુભવી તેમજ બિન અનુભવી વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
નિલકંઠ જ્વેલર્સ
(લાઠી વાળા)
માણેકપરા, અમરેલી. (૦૨૭૯૨) ૨૨૩૫૫૭, મો.૯૯૦૧૮ ૯૯૮૯૧/૯૮૨૫૦ ૯૧૭૨૧

# દામનગર ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૯

દામનગરમાં ગાયત્રી મંદિર ખાતે સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, ભુરખીયા મંદિર ટ્રસ્ટ, અને શ્રી રણછોડદાસજી ચેરી. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ રાજકોટના સહયોગથી ૭૬મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૮૬ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૪ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા.

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૭/૨૦૨૫ તા. ૨૪/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. હંસાબેન વાલજીભાઈ ભાલાળા
રહે. એ ૯૦૧ મીરા એવન્યુ, વ્રજ ભુમી પાસે, વ્રજ ચોક, વીટીસી સરથાણા સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી ભુવા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી હંસાબેન વાલજીભાઈ ભાલાળાનો જન્મ તા.૦૨/૦૪/૧૯૬૫ ના રોજ મુ.ભુવા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૭/૨૦૨૫ તા. ૨૪/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નાકરાણી ડાયાભાઈ નાનજીભાઈ
રહે. શ્રીજી નિવાસ લીલીયા રોડ, દ્વારકેશ નગર ૨ અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બોરાળા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભત્રીજી ભાવનાબેન માધાભાઈ નાકરાણીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૩ ના રોજ મુ.બોરાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# રાજુલા નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર : સહકારી ક્ષેત્રમાં ગરમાવો

**તમામ જ્ઞાતિને પ્રતિનિધિત્વની માંગ**

રાજુલા,તા.૨૯

રાજુલા નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર થતાં સહકારી ક્ષેત્રમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન મુજબ ચૂંટણી ૨૮ ડિસેમ્બરે યોજાશે. ઉમેદવારી પત્ર ભરવાની તારીખ ૮ થી ૯ ડિસેમ્બર સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૩૦ સુધી રાખવામાં આવી છે, જ્યારે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૭ ડિસેમ્બર નક્કી કરવામાં આવી છે.

આ ચૂંટણીમાં કુલ ૧૫ બેઠકો માટે પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં જનરલ ૧૧, મહિલા ૨, નાના–સીમંત ખેડૂત ૧ તથા એસસી-એસટી ૧ બેઠકનો સમાવેશ થાય છે. શહેરના વેપારીઓ તથા નાગરિકોની માંગ છે કે તમામ જ્ઞાતિઓને સમાવી જાગૃત પ્રતિનિધિઓ બોર્ડમાં આવે, જેથી શહેરવાસીઓને સસ્તા વ્યાજે મિલકત અને જમીન લોન મળે અને બેંકની સેવા વધુ મજબૂત બની શકે. રાજુલા નાગરિક સહકારી બેંક છે તે રાજુલા શહેરની વેપારીઓની બેંક છે ત્યારે રાજુલા નાગરિક બેંકનું શાસન ચલાવી શકે તેમજ અન્ય બેંકો કરતા સસ્તા ભાવે શહેરવાસીઓને મિલકત લોન કે જાત જમીન લોન મળી રહે તેવી દિશામાં કામગીરી કરી શકે તેવા જાગૃત માણસો રાજુલા નાગરિક બેંકમાં ડિરેક્ટર તરીકે આવે તેવી બેંકના ગ્રાહકો હંમેશા ઈચ્છા રાખતા હોય છે. તમામ જ્ઞાતિઓને સાથે રાખી અને નાગરિક બેંકનું આખું બોર્ડ બને તેવી રાજુલા શહેરના શહેરીજનોમાં માંગણી ઉઠવા પામી છે.

# રાજુલા શહેરમાં રસ્તા અને કૂવાના ઝઘડામાં પરિણીતાએ ઝેરી દવા પીધી

**સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા**

રાજુલા, તા. ૨૯

રાજુલામાં કૌટુંબિક વિવાદે ગંભીર વળાંક લીધો હતો. નજીવી બાબત જેવી કે ચાલવાના રસ્તા અને પાણી ભરવાના કૂવાના ઉપયોગને લઈને થયેલા ઝઘડાથી કંટાળીને પરિણીતા કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભોગ બનનાર વ્યક્તિ તેમના પરિવાર સાથે પોતાની વાડી (ખેતર)માં રહે છે. તેમની બાજુમાં જ તેમના કાકાજી સસરાનો પરિવાર રહે છે. આ બંને પરિવારો વચ્ચે ચાલવાનો રસ્તો અને પાણીનો કૂવો એક જ હોવાથી વિવાદની શરૂઆત થઈ હતી. ભોગ બનનારના કાકાજી સસરા અવારનવાર તેમને રસ્તા પરથી ચાલવાની અને કૂવામાંથી પાણી ભરવાની ના પાડતા હતા. તેઓ વારંવાર ખોટી રીતે બોલીને હેરાનગતિ કરતા હતા, જેના કારણે ભોગ બનનારને ખૂબ જ મનમાં લાગી આવ્યું હતું. આ માનસિક તણાવ સહન ન થતાં, ભોગ બનનારે પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.

ઘટનાની જાણ થતાં જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પોલીસે આ બનાવ અંગે જરૂરી નિવેદનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે, જ્યારે કૌટુંબિક વિવાદનું આ ગંભીર પરિણામ સ્થાનિક વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યું છે.

# અમરેલીની બહેરાં મૂંગા શાળામાં ભૂમિપૂજન કાર્યક્રમ

અમરેલી,તા.૨૯

અમરેલીની બહેરાં મૂંગા શાળામાં ગુરુવારે કન્યા ભવનના પ્રથમ માળના બાંધકામનો ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. કોઈ એક વ્યક્તિ કે આગેવાનને પ્રમુખસ્થાન આપવાના બદલે ઉપસ્થિત સર્વે મહાનુભાવોને કેન્દ્રસ્થાને રાખી 'અતિથિ દેવો ભવ' સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા સમાજના ૫૧ સંસ્થાપ્રેમી શુભેચ્છકો દ્વારા સમૂહ ભૂમિપૂજન કરાવવામાં આવેલ. આ નવા બાંધકામ દ્વારા અમરેલી જિલ્લાની દિવ્યાંગ દીકરીઓને સંસ્થાની વિનામૂલ્યની સેવાઓનો લાભ વધુ પ્રમાણમાં મળી રહેશે. નવા બાંધકામના પ્રેરણાસ્ત્રોત એવા ધીરુભાઈ બાબરીયા(અમેરિકા) દ્વારા રૂ.૩૫ લાખનું માતબર અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત વસંતભાઈ ગજેરા, મનુભાઈ સાવલિયા, કાળુભાઈ ભંડેરી તરફથી ૫-૫ લાખ રૂપિયા અને ચતુરભાઈ સભાયા, દિલીપભાઈ સંઘાણી, પરેશભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા તરફથી ૧ લાખ ઉપરની રકમ મળી હતી. આ ઉપરાંત અન્ય લોકોએ પણ સહાય સરવાણી જાહેર કરી હતી. ૭ બાળકોથી શરૂ થયેલી સંસ્થામાં હાલ ૭૫ બાળકો અભ્યાસ કરે છે. સમગ્ર જિલ્લામાં ૮૦૦ જેટલા મૂકબધિર રહે છે. જેમાંથી ૯૦ બાળકોને ન્યાય મળે છે. બાકીના ૭૦૦ દીકરા દીકરીઓ છેવાડાના ગામડાઓમાં રહે છે જે સંસ્થાની સેવાથી વંચિત છે. જેમાં ખાસ કરીને ૧૪ થી ૪૦ વર્ષની દીકરીઓમાંથી મોટી સંખ્યામાં ન વર્ણવી શકાય તે રીતે પીડાય છે. આ માટે સર્વે સમાજ અને શુભચિંતકો મારફત અન્ય ૫૦ બહેનો માટે આ વ્યવસ્થા ઉભી થઈ રહી છે. આ અવસરે ડૉ.કાનાબાર, ડૉ.ગજેરા, ડૉ.ત્રિવેદી, ડૉ.સોજીત્રા , ડૉ.પી.પી. પંચાલ, ડૉ હિમ પરીખ, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, દિનેશભાઈ ભુવા, શ્રી વસંતભાઈ મોવલીયા, જે.પી. સોજીત્રા, કાળુભાઈ રૈયાણી, ડી.કે. રૈયાણી, રમેશભાઈ કાથરોટીયા, કાળુભાઈ તારપરા, ગોરધનભાઈ માદલિયા, એ.બી. કોઠીયા, સુરેશભાઈ શેખવા, રાજેશભાઈ માંગરોલીયા, અશ્વિનભાઈ પરીખ, કાચાસાહેબ, ઉપાધ્યાય, સુનીલભાઈ રાજયગુરૂ, પ્રકાશભાઈ જોષી, હરૂભાઈ બાટવીયા, આનંદભાઈ ભટ્ટ, અતુલભાઈ રામાણી, નાયર સાહેબ મદદનીશ ચેરીટી કમિશનર અમરેલી, ખોડલધામ મહિલા મંડળ, મીનાક્ષીબેન મકવાણા, હંસાબેન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના એમ. કે. સાવલિયા અને ધર્મિષ્ઠાબેન મહેતા, વિજયભાઈ મહેતા તથા સંસ્થા પરિવારના સભ્યોની મહેનત રંગ લાવી હતી.



# સાવરકુંડલા પંથકમાં સગીરા પર બળાત્કાર કરી ભાઈને જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા પંથકમાં સગીરા પર બળાત્કાર કરી તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે સગીરાના પિતાએ ભાવનગરના જેસર તાલુકાના સરેરા ગામના સંજયભાઈ નાથાભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ તેમની દીકરી સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં તેનો લાભ લઈ ભોળવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર કાયદેસરના વાલીપણામાંથી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હતો. તેમજ વિજપડી તથા નવાગામ જાંબુડા વિસ્તારમાં અવાર-નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારી તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારના પીઆઈ પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં કતલખાને લઈ જવાતા ઘેટાં-બકરાંની હેરફેર ઝડપાઈ

લાઠી, તા.૨૯

લાઠીમાંથી પોલીસે કતલખાને લઈ જવાતા ઘેટાં-બકરાંને બચાવ્યા હતા. દિનેશભાઈ મગનભાઈ વાળા, હુસેનભાઈ મુસાભાઈ કાલવા, અરબાસભાઈ મહેબુબભાઈ કાલવા તથા ઈમરાનભાઈ ઈબ્રાહિમભાઈ કાલવા એકબીજાના સહકારથી (મેળાપણાથી) ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા હતા. આરોપી તેમની માલિકીની અશોક લેલન્ડ ટ્રક (રજી. નંબર **GJ-૧૪-Z-૬૯૮૧**)માં જરૂરી પાસ-પરમિટ વગર નાના-મોટા ઘેટાંઃ ૧૨૬ નંગ તથા નાના-મોટા બકરાંઃ ૧૫ નંગની હેરાફેરી કરતા હતા. ટ્રકના ફાલકામાં વચ્ચે પાર્ટીશન કરીને ઉપર-નીચે ખીચોખીચ પશુઓને ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યા હતા. આ રીતે ભરવાને કારણે પશુઓ ગૂંગળાઈને મરી જાય તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવી હતી. પશુઓ માટે પૂરતા પાણી કે ઘાસચારાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. સક્ષમ અધિકારી કે વેટરનરી ઓફિસરનું કોઈ પ્રમાણપત્ર કે પાસ-પરમિટ લીધા વગર આ હેરફેર કરવામાં આવી રહી હતી, જે પશુઓ પ્રત્યે ઘાતકીપણું દર્શાવે છે. પોલીસે કુલ રૂ. ૨૭,૦૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

# જાફરાબાદના ધોળાદ્રી ગામે પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૨૯

અમરેલી જિલ્લામાં ઘરેલું હિંસાનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. ધોળાદ્રી ગામે પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી હતી. હાલ વઢેરા ગામે રહેતી પરિણીતાએ ધોળાદ્રી ગામે રહેતા પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. હંસાબેન ગુણવંતભાઈ રાઠોડ (ઉ.વ.૧૯) એ ગુણવંતભાઈ ગભાભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, લગ્નજીવન દરમ્યાન પતિએ તેમને ઘરકામ બાબતે યેનકેન પ્રકારે શારીરિક-માનસિક દુઃખ ત્રાસ આપી, ગાળો આપી, ઝઘડો કરી, શરીરે મુંઢમાર મારી ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં જેસર રોડ પરથી પોલીસે વિદેશી દારૂની ૪૨ બોટલ ઝડપી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં જેસર રોડ પીકઅપ બસ સ્ટેશન પાસેથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો હતો. કિશન મનુભાઈ સોસાના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૨ બોટલ ઝડપાઈ હતી. પોલીસે કુલ ૩૭૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૪૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# જિલ્લામાંથી જુદા જુદા સ્થળેથી પીધેલી હાલતમાં ૨૫ પ્યાસી ઝડપાયા

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૨૫ પીધેલાને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લોકઅપમાં જતાં જ બધો નશો ઓગળી ગયો હતો. આ ઉપરાંત પાંચ મહિલા સહિત ૩૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૬ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૮૧૭ | ૯૬૬ |
| બાજરી | ૩૫૦ | ૪૧૮ |
| તુવેર | ૯૩૦ | ૧૩૨૫ |
| ચણા પીળા | ૯૦૪ | ૧૦૯૨ |
| ચણા સફેદ | ૧૧૦૧ | ૧૮૭૫ |
| અડદ | ૯૨૫ | ૧૫૦૦ |
| મગ | ૧૧૯૦ | ૧૬૫૨ |
| વાલ દેશી | ૬૫૦ | ૯૦૦ |
| ચોળી | ૯૯૦ | ૧૩૩૮ |
| મઠ | ૯૦૦ | ૧૬૨૨ |
| વટાણા | ૧૩૦૦ | ૧૭૯૨ |
| કળથી | ૩૭૫ | ૯૨૫ |
| રાજમા | ૧૦૭૮ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૧૦ | ૧૩૭૦ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૩૯૦ |
| તલી | ૧૯૦૦ | ૨૨૭૧ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૨૮ |
| અજમો | ૧૧૦૦ | ૨૧૨૦ |
| સોયાબીન | ૮૩૫ | ૮૮૦ |
| સીંગફાડા | ૯૩૯ | ૧૪૬૪ |
| કાળા તલ | ૩૫૨૦ | ૫૧૭૦ |
| લસણ | ૫૨૫ | ૯૩૫ |
| ધાણા | ૧૪૧૦ | ૨૦૨૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૪૮૫ |
| ધાણી | ૧૪૫૦ | ૨૦૬૦ |
| વરીયાળી | ૧૦૩૫ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૫૮૧ | ૪૦૯૦ |
| રાય | ૧૪૫૦ | ૧૯૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| અશેરીયો | ૧૨૪૫ | ૧૨૪૫ |
| કલોંજી | ૩૦૫૦ | ૪૪૭૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૩૩૬ |
| રજકાનું બી | ૬૭૦૦ | ૭૭૬૦ |
| ગુવારનું બી | ૭૫૦ | ૮૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૪ | ૪૦૬ |
| પપૈયા | ૬૫ | ૯૫ |
| બટેટા | ૨૧૯ | ૪૩૮ |
| ટમેટા | ૪૫૭ | ૮૦૭ |
| સુરણ | ૫૦૨ | ૬૯૭ |
| કોથમરી | ૨૩૧ | ૩૬૭ |
| મુળા | ૨૫૩ | ૩૭૯ |
| રીંગણા | ૬૦૩ | ૧૦૨૫ |
| કોબીજ | ૨૧૧ | ૩૩૨ |
| ફ્લાવર | ૩૧૭ | ૫૨૪ |
| ભીંડો | ૬૦૪ | ૧૦૮૯ |
| ગુવાર | ૧૪૧૩ | ૧૯૯૯ |
| ચોળાસીંગ | ૫૯૭ | ૮૩૪ |
| વાલોળ | ૫૩૬ | ૮૮૮ |
| ટીંડોરા | ૪૧૭ | ૯૭૯ |
| દુધી | ૨૦૧ | ૩૫૬ |
| કારેલા | ૫૮૫ | ૮૭૧ |
| સરગવો | ૧૮૮૯ | ૨૮૦૫ |
| તુરીયા | ૮૨૩ | ૧૧૧૭ |
| પરવર | ૬૭૧ | ૧૧૦૨ |
| કાકડી | ૪૯૧ | ૮૦૭ |
| ગાજર | ૨૫૯ | ૫૯૨ |
| વટાણા | ૧૧૭૮ | ૧૨૯૭ |
| તુવેરસીંગ | ૯૭૯ | ૧૨૫૧ |
| ગલકા | ૫૦૬ | ૬૯૮ |
| બીટ | ૨૦૭ | ૩૪૮ |
| મેથી | ૪૭૮ | ૬૧૩ |
| વાલ | ૯૦૭ | ૧૧૯૭ |
| ડુંગળી લીલી | ૩૦૬ | ૪૨૯ |
| આદુ | ૯૨૫ | ૧૨૬૦ |
| ચણા લીલા | ૧૯૧ | ૯૨૫ |
| મરચા લીલા | ૩૨૩ | ૭૫૪ |
| હળદર લીલી | ૩૩૪ | ૪૭૨ |
| લસણ લીલું | ૧૨૪૮ | ૧૯૫૯ |
| મકાઇ લીલી | ૩૦૨ | ૪૧૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૩૨૬ |
| એરંડા/એરંડી | ૧૧૧૧ | ૧૩૪૬ |
| તલ લાલ | ૨૩૭૬ | ૨૩૭૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૧૬૧ |
| ધાણા | ૮૦૧ | ૨૧૪૧ |
| લસણ સુકું | ૪૨૧ | ૯૦૧ |
| ડુંગળી લાલ | ૪૦ | ૨૭૧ |
| અડદ | ૯૭૧ | ૧૨૨૧ |
| મઠ | ૪૦૦ | ૮૨૧ |
| તુવેર | ૯૦૦ | ૧૧૫૧ |
| રાય | ૧૭૯૧ | ૧૭૯૧ |
| મેથી | ૭૫૧ | ૧૦૭૧ |
| કાંગ | ૪૫૧ | ૫૭ |
| મરચા | ૬૦૧ | ૩૯૦૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૩૪૬ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૪૧ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૪૧૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૨૬૧ |
| ઇસબગુલ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ધાણી | ૧૧૦૧ | ૨૦૭૬ |
| ડુંગળી સફેદ | ૬૧ | ૧૭૧ |
| બાજરો | ૩૫૧ | ૪૯૧ |
| જુવાર | ૮૮૧ | ૯૭૧ |
| મકાઇ | ૩૨૧ | ૪૬૧ |
| મગ | ૯૫૧ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| વાલ | ૬૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૩૨૬ | ૧૩૮૧ |
| સોયાબીન | ૭૩૧ | ૯૩૧ |
| અજમાં | ૧૪૨૧ | ૧૪૨૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૫૧ |
| વટાણા | ૧૬૦૧ | ૧૬૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૪૦ |
| અંબાળા | ૩૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અડવી પાન | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૪ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૮ |
| **અમરેલ** | | |
| શિંગ મઠડી | ૯૫૫ | ૧૨૪૦ |
| શિંગ ૬૬ નંબર | ૧૦૬૯ | ૧૦૬૯ |
| ગીરનાર શિંગ | ૯૯૫ | ૧૨૯૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૪૦૪ |
| તલ સફેદ | ૧૨૩૦ | ૧૩૦૫ |
| તલ કાળા | ૩૬૧૦ | ૫૬૯૦ |
| બાજરો | ૩૨૫ | ૪૫૦ |
| જુવાર | ૩૨૦ | ૩૨૦ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૪૦ |
| મકાઇ | ૨૯૦ | ૪૬૫ |
| મગ | ૧૨૦૯ | ૧૨૦૯ |
| અડદ | ૧૦૭૦ | ૧૨૦૩ |
| ચણા | ૮૪૫ | ૧૦૬૫ |
| સફેદ ચણા | ૯૪૭ | ૧૦૧૧ |
| છોલે ચણા | ૧૨૪૪ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૦૫ | ૧૧૩૦ |
| કપાસ | ૯૨૫ | ૧૫૪૫ |
| એરંડા | ૧૧૩૪ | ૧૨૭૩ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૪૩ |
| મેથી | ૯૯૫ | ૧૦૮૨ |
| સોયાબીન | ૬૪૦ | ૮૭૯ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૪૨૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૫૦ |
| કાકડી | ૩૪૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૪૫૦ |
| કોથમીર | ૨૪૦ | ૩૮૦ |
| મેથીભાજી | ૫૮૦ | ૭૪૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૯૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૪૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૨૦ |
| મરચાં લીલાં | ૪૨૦ | ૯૦૦ |
| મરચાં લાલ | ૫૦૦ | ૧૧૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૮૦ |
| લસણ લીલું | ૧૧૦૦ | ૧૮૦૦ |
| લસણ સુકું | ૪૦૦ | ૧૨૫૦ |
| પાલક | ૫૮૦ | ૬૮૦ |
| લીંબુ | ૨૪૦ | ૫૨૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૯ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૨૦ |
| અડદ | ૯૦૫ | ૧૦૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૦૧ |
| તુવેર | ૧૦૨૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૯૬૫ | ૯૬૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૯૦ |
| જુવાર | ૭૪૧ | ૭૪૧ |
| મગફળી | ૬૪૦ | ૧૦૨૭ |
| ચણા સફેદ | ૯૬૫ | ૯૬૫ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| શીંગફાડા | ૮૦૦ | ૧૨૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૪૫ |
| કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૦૦૨ | ૧૩૫૮ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૨૨૧૦ |
| તલ કાળા | ૩૪૩૦ | ૪૬૫૦ |
| જીરૂ | ૩૧૨૦ | ૪૦૦૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ચણા | ૯૧૫ | ૧૧૨૫ |
| અડદ | ૯૪૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૩૧૨ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૩૭૧ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૨ |
| જુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૯૯૦ | ૯૯૦ |
| ચણા | ૬૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૮ | ૮૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૬૫ |
| કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૪૨ |
| મગફળી | ૯૪૬ | ૧૩૨૦ |
| ચણા | ૯૮૫ | ૯૮૫ |
| જુવાર સફેદ | ૯૩૫ | ૯૩૫ |
| તલ કાળા | ૪૬૦૦ | ૪૬૦૦ |
| સોયાબીન | ૬૯૨ | ૮૭૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૫ | ૧૧૭૦ |
| શીંગ મોટી | ૧૦૧૫ | ૧૩૮૬ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૨૪ |
| તલ કાળા | ૪૦૦૦ | ૫૨૦૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૨૪ |
| બાજરો | ૪૧૦ | ૫૬૫ |
| જુવાર | ૯૫૦ | ૧૨૨૦ |
| અડદ | ૭૨૨ | ૧૨૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૫૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૮૫ |
| રાય/રાયડો | ૧૭૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૩૦૬ | ૧૪૮૦ |
| કપાસ કોડી | ૮૨૧ | ૧૧૬૬ |
| મગફળી | ૮૨૫ | ૧૧૬૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૪૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૬ |
| ધાણા | ૧૫૦૦ | ૧૭૭૫ |
| અડદ | ૯૬૦ | ૧૦૨૬ |
| શીંગ દાણા | ૯૧૫ | ૧૧૩૧ |
| સોયાબીન | ૭૪૬ | ૮૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૩૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| મગ | ૭૦૧ | ૧૪૦૧ |
| ચણા | ૭૦૬ | ૧૦૭૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૩૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૫૬ |
| શિંગફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| એરંડા | ૧૦૦૧ | ૧૨૨૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૧૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૭૧ |
| મેથી | ૫૦૦ | ૮૫૧ |
| | ૧૦૦૦ | ૧૧૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૧૦ | ૧૨૫૮ |
| શીંગ ૩૯ | ૮૯૬ | ૧૧૯૨ |
| શીંગ ગીરનારી | ૯૦૦ | ૧૨૮૨ |
| શીંગ જી-૨૦ | ૯૫૨ | ૧૩૨૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| જુવાર | ૨૦૦ | ૧૦૪૦ |
| બાજરી | ૩૩૪ | ૫૭૪ |
| બાજરો | ૧૬૮૮ | ૨૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૯૯ | ૬૧૫ |
| અડદ | ૨૨૨ | ૧૫૬૭ |
| મગ | ૫૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૫૧ | ૮૮૪ |
| ચણા | ૩૨૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૪૫૧ | ૨૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૮૫ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૫૬ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૭૦ |
| ડુંગળી સફેદ એ. | ૨૫૧ | ૬૦૧ |
| કપાસ શંકર | ૭૯૨ | ૧૫૦૨ |
| નાળીયેર | ૬૫૦ | ૨૭૫૨ |
| **જામગનર** | | |
| બાજરો | ૨૯૦ | ૪૦૦ |
| ઘઉ | ૪૮૦ | ૫૩૯ |
| મગ | ૧૨૨૫ | ૧૬૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૯૫ |
| ચોળી | ૩૯૦ | ૯૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૭ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મગફળી ૬૬નં | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯નં | ૧૨૦૦ | ૧૭૦૫ |
| એરંડા | ૧૦૮૫ | ૧૩૦૩ |
| તલ | ૧૩૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૪૮૦૦ | ૪૯૦૦ |
| લસણ | ૫૫૦ | ૯૯૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૧૪૦ |
| અજમો | ૧૩૭૦ | ૨૫૩૦ |
| અજમાની ભૂકી | ૫૦ | ૨૦૬૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૮૬૦ |
| મરચા | ૧૪૦૦ | ૪૧૨૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૧૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |




06

વાર્તા વિશ્વ : .... પાછળ રહી ગયા કેવળ પડઘા...





06

સપ્તરંગ: ગમે તેમ કહો પણ સત્ય એ કે જે જેવું વિચારે છે તે તેવું પામે છે


# હજુ આ દાસતાની માનસિકતામાંથી મુક્તિ બાકી

વિચાર વલોણું

જયવંત પંડ્યા





તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રા. સ્વ. સંઘના સરસંઘચાલક મોહન ભાગવતના હસ્તે શ્રી રામમંદિર પર ભવ્ય ધ્વજારોહણ થયું. કેસરિયો ધ્વજ ઉન્નત મસ્તકે લહેરાઈ રહ્યો હતો ત્યારે તે પ્રસંગે યથાર્થ રીતે મોહનજીએ શ્રી રામમંદિર માટે લડનાર, ઝઝૂમનાર સહુ કોઈને યાદ કર્યા.

આ પ્રસંગે વડાપ્રધાને યથાર્થ રીતે કહ્યું કે દાસતાની માનસિકતામાંથી આપણે બહાર નીકળવાનું છે. વિદેશનું બધું જ સારું, એ માનસિકતા ઘર કરી ગઈ છે. અને વડાપ્રધાનના અગાઉના બે કાર્યકાળ અને આ ત્રીજા કાર્યકાળમાં ઘણા આવા પરિવર્તનો આવ્યા છે.

૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સંયુક્ત રાષ્ટ્રમાં અનુમત કરાવવો, બજેટ ૨૮/૨૯ ફેબ્રુઆરીના બદલે ૧ ફેબ્રુઆરીએ થવું, રેલવે બજેટનું સામાન્ય બજેટમાં વિલિનીકરણ કરી આ બાબતે પ્રાદેશિકવાદનો (કયા પ્રાંતને કેટલી ટ્રેનો મળી) અંત લાવવો, નીટ, કેટ, વગેરે પ્રવેશ પરીક્ષામાં માતૃભાષા, પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષા, અંગ્રેજો સમયની ૧,૫૦૦થી વધુ વિધિઓ (કાયદાઓ) સમાપ્ત, ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારી માટે દસ્તાવેજનું સ્વ ચકાસણીકરણ (સેલ્ફ વેરિફિકેશન), રાજપથનું કર્તવ્યપથ, ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની મૂર્તિ, સંસદમાં સેંગોલ (રાજદન્ડ)ની સ્થાપના, સંસદમાં અખંડ ભારતનો નકશો, નૌ સેનાના ધ્વજમાંથી સેન્ટ જ્યૉર્જના ક્રૉસને હટાવી શિવાજી મહારાજની રાજવી મહોરનો સમાવેશ, બીટિંગ રીટ્રિટમાં 'એબાઈડ મી'ના સ્થાને 'સારે જહાં સે અચ્છા' અને સિતાર, સંતૂર અને તબલાનો સમાવેશ, ૧૫ નવેમ્બરે બિરસા મુંડાના જન્મદિનને જનજાતીય ગૌરવ દિન તરીકે મનાવવો, ૨૬ ડિસેમ્બરે ગુરુ ગોવિંદસિંહના બે પુત્રોના બલિદાનની સ્મૃતિમાં વીર બાલ દિવસ, ૧૪ ઑગસ્ટે વિભાજન વિભીષિકા દિવસ, વિદેશી રાષ્ટ્રાધ્યક્ષોને તાજમહલના બદલે અક્ષરધામ, વારાણસી, સાબરમતી આશ્રમની મુલાકાત કરાવવી, વિદેશી મહાનુભાવોને ભગવદ્ ગીતા ભેટમાં આપવી, ડૉ. આંબેડકરને સંલગ્ન પંચ તીર્થોનો વિકાસ, વિદેશોમાં પગ કરી ગયેલી પ્રતિમાઓ, મૂર્તિઓ વગેરે વિરાસતને પાછી લાવવી. આ બધું થઈ ગયું અને હજુ થશે. પરંતુ સ્મરણ કરાવવું આપણું કર્તવ્ય છે. હજુ ઘણી વિદેશી માનસિકતામાંથી મુક્તિ બાકી છે અને સ્વતંત્રતા પછી ઘણું નવું સામ્રાજ્ય કાળા ભારતીયો દ્વારા સ્થપાઈ ગયું છે તેમાંથી મુક્ત કરાવવાનું છે. પહેલા કઈ દાસતામાંથી મુક્તિ? તેની વાત કરીએ.

સૌ પ્રથમ તો જે ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથે કર્યું તે સમગ્ર ભારતમાં કરવાનું છે. આ બાબત સૌ પ્રથમ છત્રપતિ શિવાજી મહારાજે કરી હતી અને તે પછી વીર સાવરકરે કરી હતી. અને તે એ છે કે પ્રશાસકીય શબ્દાવલિ ભારતીય ભાષા આધારિત હોવી જોઈએ. અને તેમાં અંગ્રેજી અને ઉર્દૂનો લઘુતમ અથવા શૂન્યતમ પ્રયોગ. ઉર્દૂ ભારતમાં ભલે જન્મી હોય પરંતુ તેમાં શબ્દો વિદેશી જ છે. શહીદ શબ્દ કહેતાં તેમાં ઈસ્લામ માટે મરનારનો ભાવ રહેલો છે. સારું થાય તો સલામ કહેવું, ધગશને જઝ્બા કહેવું, સંભવને મુમકિન કહેવું, ઈહલોકમાંથી વિદાય માટે અલવિદા શબ્દ વાપરવો, અભિયોગના બદલે મુકદમા, સાક્ષીના બદલે સાહેદી, વગેરે બદલવું પડે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં તો અંગ્રેજીકરણ બહુ જ વધ્યું છે. નવા કાયદા કે નવી પ્રશાસકીય પ્રક્રિયાનાં નામો અંગ્રેજી જ રખાય છે. કોરોનામાં લૉકડાઉન, આઈસૉલેશન, સૉશિયલ ડિસ્ટન્સ, વેક્સિનેશન વગેરે શબ્દો વપરાયા. આજે 'SIR' શબ્દ વપરાઈ રહ્યો છે જ્યારે કે તેના માટે ૨૦૦૨માં મતદારયાદી શુદ્ધિકરણ શબ્દ વપરાયો જ હતો. **Special Intensive Revision** આવું શહેરી અને ભણેલાગણેલાને પણ માંડમાંડ સમજાય તેવું ધરખમ અંગ્રેજી ગામડાની વ્યક્તિને, નિરક્ષર વ્યક્તિને કેવી રીતે સમજાશે? નાગરિકત્વ સુધારા અધિનિયમના બદલે સીએએ, રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરના બદલે એનઆરસી આવા બધા શબ્દો કેમ? ઉલટું કોંગ્રેસના શરૂઆતના શાસનકાળમાં સીમા સુરક્ષા દળ, ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન શબ્દ વપરાય છે.

આજે ભાજપના શાસનકાળમાં અમદાવાદમાં રસ્તાઓનાં નામ બોપલ એપ્રોચ આવાં અંગ્રેજી કેમ? પહેલાં જ્ઞાતિની વાડી કહેવાતી, સભાખંડ કહેવાતો આજે મ્યુનિ.નો કૉમ્યૂનિટી હૉલ કહેવાય છે, આવું કેમ? કોંગ્રેસના શાસનકાળમાં ગાંધીનગરમાં ક, ખ, ગ, ઘ પરથી સેક્ટરનાં નામો પડ્યાં તેવી આજે કલ્પના થઈ શકે? તે સમયે નરોડા પાટિયા વિસ્તારનું નામ પડ્યું હતું તેવું આજે પડી શકે? એટલે ભાષાની દાસતામાંથી મુક્તિ આવશ્યક છે. એટલા માટે કારણ કે ભવિષ્યમાં આ જ ભાષામાં માનનારા વિદેશીઓ અને તેના માનસ મેકોલેપુત્રો એવો દાવો કરી શકે છે કે તમારી પાસે તો તમારી ભાષા જ ક્યાં હતી? આજે સ્થાપત્યો પર પુનઃ અધિકાર પ્રાપ્ત કરવામાંય આંખે પાણી આવી જાય છે તો ભાષા બાબતે ક્યાંથી થઈ શકશે? સિદ્ધરાજ જયસિંહ સોલંકી તેમના શાસન બાબતે તો પ્રસિદ્ધ છે જ પરંતુ તેમણે હેમચંદ્રાચાર્ય મૂનિને ગુજરાતી વ્યાકરણ ગ્રંથ લખવાનું કામ સોંપ્યું હતું કારણ કે તેમને કોઈએ કહ્યું હતું કે માળવા પર વિજય તો પ્રાપ્ત કરી લીધો, પરંતુ તેની જેમ તમારી પાસે ગુજરાતીનું વ્યાકરણ ક્યાં? તમને તમારા પછી જનતા શેના માટે યાદ રાખશે? અને સિદ્ધરાજે હેમચંદ્રાચાર્યને જે કંઈ સુવિધાઓ, ગ્રંથો જોઈએ તે મગાવી આપ્યા અને સિદ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથ તૈયાર કરાવડાવ્યો. એ ગ્રંથને હાથીની અંબાડી પર મૂકી તેને ચારેકોર ફેરવી ગૌરવગાન કર્યું. આ શોભાયાત્રા નીકળી ત્યારે મહારાજા સિદ્ધરાજ પોતે પગપાળા ચાલતા હતા ! તે વખતે કોઈ ચૂંટણી નહોતી થતી, કે તેમને આવું આજે જેને ગતકડું કહે તે કરવું પડે. આ તો મનનો ઉમળકો હતો. ગુજરાતની સંસ્કૃતિનો જય કરવો હતો એટલે તેમણે કર્યું. 'ગુજરાતનો નાથ' શીર્ષક એમ જ થોડા પામ્યા હતા?

આજે હિન્દુઓને હિન્દુ તહેવારોનો અવકાશ મળવાનું ઘટ્યું છે. બીજા પંથના તહેવારોના અવકાશ હિન્દુઓને ન આપી, તેમના તહેવારોનો અવકાશ અપાય તો સારું થાય. કોંગ્રેસ શાસનકાળમાં મોળાકત નિમિત્તે શાળા ગણવેશમાંથી કન્યાઓને મુક્તિ રહેતી હતી. શ્રાવણના દર સોમવારે અડધો દિવસ જ શાળા રહેતી હતી. બે વર્ષ પહેલાં નીતિશ સરકારે જ બિહારમાંથી રક્ષાબંધન, જન્માષ્ટમી, શ્રી રામનવમી અને શ્રી શિવરાત્રિનો અવકાશ સમાપ્ત કર્યો હતો. હવે તો અનેકગણી શક્તિથી ભાજપ અને જદયૂની સરકાર છે. આ અવકાશો પુનઃ સ્થાપિત કરાવા જોઈએ. દિવાળીનો અવકાશ પણ કેન્દ્રીય કર્મચારીઓ માટે રક્ષાબંધનનો તહેવાર ૨૦૨૫માં નહોતો. જ્યારે બહારગામથી કે દૂર વિસ્તારમાં રહેતી બહેન રક્ષા બાંધવા વિશેષ રીતે આવી હોય ત્યારે મહિલા સશક્તિકરણમાં માનતી સરકાર તેનો અવકાશ ન આપે તે કેવું ! બહેનને ભાઈ સાથે સમય ન વિતાવવો હોય?

> શ્રી રામમંદિર પર ધ્વજારોહણ સમયે વડાપ્રધાને યથાર્થ રીતે કહ્યું કે આપણે વિદેશી માનસિકતામાંથી મુક્તિ મેળવવાની છે. આ દિશામાં ઘણું કાર્ય થયું છે પરંતુ હજુ ઘણું બાકી છે. હજુ પણ આપણે ભાષાકીય દાસતામાંથી બહાર નથી આવ્યા. સ્વતંત્રતા પછી કાળા અંગ્રેજો દ્વારા નવા સામ્રાજ્યો બન્યા છે તે તોડવા પણ આવશ્યક છે.

દાસતામાંથી મુક્તિની અન્ય એક કરવા જેવી બાબત છે તે શિક્ષણનું ગુણકરણ. માર્ક આધારિત શિક્ષણ. તેમાંથી નૈતિકતા, દેશભક્તિ, કર્તવ્યબોધ, સંસ્કારસિંચન, સમયપાલન, ફ્યૂઝ બાંધવા, સુથારીકામ, કચરો વાળવો, ડ્રાઈવિંગ, વેલ્ડિંગ કામ, વગેરે કૌશલ્ય આધારિત કામોની તો બાદબાકી વર્ષોથી થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ પાસે શાળા સ્વચ્છ કરાવાય તો તેને મીડિયા અને વાલી ટીકાત્મક વિષય બનાવે છે. વિદ્યાર્થીઓ માટે એનસીસી અને એનએસએસ સ્વૈચ્છિત કરી દેવાયા છે. પી.ટી. એટલે રમતો રમાડવી, કસરતો કરાવવી તેવું નહીં, તેમાં શિસ્ત આવે તે માટે કૂચ કરાવવી વગેરે સૈન્ય પાઠ પણ હોવો જોઈએ.

આપણાં દાદી-માતાઓ આજના યુગ પ્રમાણે નિરક્ષર અને ઓછું ભણેલી હતી પરંતુ તેમને ખબર હતી કે તુવેરની દાળમાં હિંગ નખાય અને અડદની દાળમાં માખણ અથવા છાશ નખાય. ગુવારના શાકમાં અજમો નખાય જેથી વાયુ ન થાય. હોળીનાં ભડલી વાક્યો બન્યા કેમ હશે? તે સમયે જેમણે આ વાક્યો બનાવ્યાં હશે તે આજના યુગ પ્રમાણે ડિગ્રીધારી હશે? જ્યોતિષને કેમ ખગોળવિજ્ઞાનનું અંગ ન માની શકાય? ચિકિત્સા એટલે માત્ર વિદેશી એલોપેથીની રીતે જ કેમ? આયુર્વેદને સમાન દરજ્જો કેમ નહીં? અને હવે તો આત્માનો ઉપચાર થઈ રહ્યો છે- મંત્ર દ્વારા, હવન દ્વારા, રેકી દ્વારા, પાસ્ટ લાઈફ રિગ્રેશન અને સેલ્ફ હિપ્નૉસિસ દ્વારા. આ બધું કેમ સમાવિષ્ટ નહીં? ડિગ્રી કરતાં અનુભવનું અને આવડતનું મહત્ત્વ કેમ નહીં?

આજેય આપણે અમદાવાદને રાષ્ટ્રમંડળની રમતોત્સવનું આયોજન કરવા મળ્યું તેનો આનંદ કરીએ છીએ. નહેરુ સમયે આપણે સ્વતંત્રતા મેળવી તે પછી પણ આ કૉમનવેલ્થમાં સભ્ય તરીકે ચાલુ રહ્યા, તે સમયે કદાચ એટલું સાહસ નહીં હોય અથવા આપણે ઘણી બાબતોમાં વિદેશો પર નિર્ભર હતા તેથી તે શક્ય નહીં બન્યું હોય પરંતુ અત્યારે ભારત ઘણી બધી રીતે સાધનસંપન્ન અને આત્મનિર્ભર બન્યું છે તો પણ બ્રિટિશરોની આપણે કૉમનવેલ્થ ગણાઈએ? તેની રમતોના આયોજન માટે પોરસાઈએ તે કેવી દાસતાની માનસિકતા?

હવે વાત જે સ્વતંત્રતા પછી નવાં સંસ્થાનો (થાણાં/કૉલૉની) બની છે અને લોકો તેના દાસ બન્યા છે તેની. અંગ્રેજોએ આપેલા અધિકારીતંત્રને આપણે ચાલુ રાખ્યું. તેનું શ્રેય સરદાર પટેલને પણ આપીએ તેનો વાંધો નહીં, પરંતુ સરકાર કે પક્ષ કરતાંય એ અધિકારી/કારકૂનની દાસતામાંથી મુક્તિ અપાવવી આવશ્યક છે. તેના કારણે થતો ભ્રષ્ટાચાર સરકારી રીતે થતા ભ્રષ્ટાચાર કરતાં વધુ માર મારે છે. અને તે કરતાંય ફલાણું પ્રમાણપત્ર લાવો અને આ લાવો, તેમ કહી ધક્કા ખવડાવી-ખવડાવી શારીરિક, માનસિક અને આર્થિક રીતે જે માર પડે છે તેની કલ્પના કરવી અઘરી છે. અન્ના હઝારેના આંદોલન વખતે આશા જાગી હતી પરંતુ તેમાંથીય કેજરીવાલ જેવા નેતાઓ જન્મી ગયા અને તેમણે પણ આ જ તંત્ર ચાલુ રાખ્યું અને તેમના પર પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા.

આવી જ બીજી દાસતા એટલે મિ. લૉર્ડની. ન્યાયતંત્રમાં હિન્દુઓ માટે એક વલણ અને મુસ્લિમો માટે (તેઓ અપરાધી હોય તોય) બીજું વલણ. તે તો ઠીક પણ છૂટાછેડાથી માંડીને ભૂમિ વિવાદ વગેરે કોઈ પણ કેસમાં ઘણા ન્યાયાધીશોનું ઘમંડી અને તોછડાઈ ભરેલું હોય છે. આઈએસઆઈ જેવા અધિકારી જેનાથી સચિવાલયમાં રાડ ફાટે, તેમને પણ સારાં સુવ્યવસ્થિત કપડાં પહેર્યાં હોય પણ અંગ્રેજી પરિવેશ ન હોય તો ખખડાવી નાખે તે કેવી માનસિકતા ! ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં કર્ણાટકના એક ન્યાયાધીશ એક ગુજરાતી પત્રકારને ગુજરાતીમાં નિવેદન માટે ખખડાવી નાખે તેવું કર્ણાટકમાં સંભવ છે? કર્ણાટકમાં કોઈ કન્નડ પત્રકારે કન્નડમાં દલીલ કરી હોય અને કોઈ અન્ય ભાષી ન્યાયાધીશે કન્નડ બોલવા માટે ખખડાવી નાખ્યા હોત તો? ઉગ્ર આંદોલન થઈ જાત.

ત્રીજી દાસતા એટલે બિલ્ડરો, શિક્ષણસંસ્થાઓ, હૉટલો/રેસ્ટૉરન્ટો, વિમાન ચાલક કંપનીઓ અને મોટાં ઉદ્યોગગૃહોની. બિલ્ડરો કાળાં નાણાંના મોટો સ્રોત છે તે તો સુવિદિત છે, પરંતુ તેઓ પ્રદૂષણ, શ્રમ વગેરે સંબંધી કોઈ નિયમની પરવા કર્યા વગર પોતાની મનમાની કરે, તેમના દ્વારા લેવાતા ભાવ પર કોઈ ટોચમર્યાદા નહીં તે કેવું. આવું જ શિક્ષણસંસ્થાઓ બાબતે છે. ફી પર કોઈ નિયંત્રણ જ નહીં. અને તેમાં બાળકની સુરક્ષા કેટલી તે આજે જયપુરની નીરવ મોદી શાળા, દિલ્લીની સેન્ટ કૉલંબા, અમદાવાદની સેવન્થ ડે શાળામાં આત્મહત્યા/હત્યા પરથી ચિંતાનો વિષય બન્યો છે. હૉટલો અને રેસ્ટૉરન્ટમાં પાપડથી માંડીને છાશ અને શાકના ભાવ પર કોઈ ટોચ મર્યાદા જ નથી. વિમાન ચાલક કંપનીઓ દ્વારા વિમાન ઉડાનોનાં ભાડાં પર કોઈ ટોચમર્યાદા નથી. મોટાં ઉદ્યોગગૃહોની કંપનીઓમાં કર્મચારીઓ માટે કોઈ ધારાધોરણનું પાલન નથી કરાતું. કર્મચારીને એક-બે પેટા કંપનીમાં નાખી તેને ગ્રેચ્યુઈટી ન મળે, કામના કલાકો ૧૦-૧૨ કલાક રખાય, ગમે ત્યારે છૂટા કરી દેવામાં આવે, આ બધી દાસતામાંથી મુક્તિ ક્યારે?

અને ચોથી દાસતા એટલે બૅન્કની. ચાહે તે સરકારી બૅન્ક હોય કે ખાનગી, વૃદ્ધોને હયાતી પુરવાર કરવા, સંતાન બહારગામ સ્થાયી થયું હોય તેના કારણે પોતેય બહારગામ સ્થાયી થયાં હોય તોય જે-તે શહેરમાં ખાસ આવી હયાતી પુરવાર કરવાની, દર વર્ષે કેવાયસીની માથાકૂટ, તેમાં પણ અંગ્રેજીમાં જ ફૉર્મ, અને ગુજરાતીમાં માગે તો બૅન્ક કર્મચારીઓ સહકાર ન આપે, બૅન્કના વ્યવહારના એસએમએસ ન આવે તોય એસએમએસનો ચાર્જ તો કપાય જ જાય, લૉકરનાં ભાડામાં બેફામ વધારો થતો રહે.

પાંચમી દાસતા એટલે જીવન આવશ્યક ચીજો એવી કૉમૉડિટી પર રમાતો સટ્ટો. તેના કારણે વધતી મોંઘવારી. તેમાંથી મુક્તિ આવશ્યક છે. છઠ્ઠી દાસતા એટલે વિદેશીઓ દ્વારા પ્રમાણપત્ર મળે તો જ આપણી બાબત મહાન. યોગને સંયુક્ત રાષ્ટ્રોમાંથી દિવસ તરીકે ઉજવવા મળે તો જ યોગ મહાન. આ જ રીતે સ્ત્રી સશક્તિકરણનો પણ વિદેશી રીતે જ વિચાર થાય છે. સ્ત્રી કમાતી હોય તો જ સ્ત્રી સશક્ત ગણાય. આજેય ગૃહિણીના કાર્યનો જીડીપીમાં સમાવેશ નથી થયો તેથી ગૃહિણીનું કામ તો જાણે ટાઈમપાસ હોય અથવા તેની પાસે કોઈ આવડત નહીં હોય, ભણતર નહીં હોય તેથી કરતી હશે તેમ માનવામાં આવે છે. સરકારે કુટુંબભાવના, સંયુક્ત કુટુંબોને પ્રોત્સાહન મળે તે દિશામાં પણ કોઈ યોજના, કોઈ પ્રોત્સાહનો શરૂ કરવાં જોઈએ જેથી ભારતનો પાયો એવું કુટુંબ એકમ ટકી રહે.

સાતમી દાસતા એટલે શહેરીકરણ. શહેરમાં આવો તો જ બધી સુવિધા મળે અને કાં તો ગામડાને શહેરમાં ભેળવી તેનેય શહેર બનાવી દો અને ગામડાની સંસ્કૃતિ લુપ્ત થવા દો તે પણ એક દાસતા જ છે. ગામડાની સંસ્કૃતિ ભૂલાઈ રહી છે તેથી ભારતનો ધબકાર ઓછો થઈ રહ્યો છે. સાચું ભારત તો ગામડામાં છે તેવું બધા જ મહાનુભાવો કહેતા અને માનતા હતા. તો ગામડાનો ખો કેમ નીકળી રહ્યો છે? ■


jaywant.pandya@gmail.com


# ખોટું રાશનકાર્ડ સમસ્યા નાની છે, ખોટું ચૂંટણીકાર્ડ સમસ્યા મોટી છે

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી



ભારતના દરેક નાગરિકને પુખ્તવયે મતાધિકાર પ્રાપ્ત થાય છે. બંધારણે આપેલો આ સૌથી મહત્વનો અધિકાર છે. બીજા બધા અધિકારો સાપેક્ષ છે. વ્યક્તિગત ઉપભોગના સાધ્યો છે. મતાધિકાર છેક ઊંડાણે વ્યક્તિ નક્કી કરે છે કે તેના ખુદના વતી કોણ નિર્ણય કરી શકશે. કોઈ માન્યતા પ્રાપ્ત મતદારને આ અધિકારનો ઉપયોગ કરતા અટકાવી શકાતો નથી. તેથી જ સરકાર વતી એક આયોગ આ બાબતની સતત ચિંતા કરે છે.

ચૂંટણી આયોગના ભૂતપૂર્વ મુખ્ય નિર્વાચન આયોગ અધ્યક્ષ ટી.એન. શેષન દ્વારા સૌપ્રથમ ચૂંટણી ઓળખપત્ર આપવાની યોજના લાગૂ કરવામાં આવી. આજે ભારતના લગભગ બધા નાગરિક પાસે પોતાના ફોટાવાળા ચૂંટણી ઓળખપત્ર છે. એ સમયે શેષને દેશના રાજકારણીઓના પગ નીચેથી જમીન ખેંચી લીધી હતી. ચૂંટણીને અનુલક્ષીને જે કાયદાઓ ઘડવામાં આવ્યા હતા એ શેષને દરેક રાજકીય પક્ષના નોટિસ બોર્ડ પર બોલ્ડ અક્ષરોમાં ચોંટાડી દીધા. ચૂંટણીમાં ખર્ચ કેટલો કરવો ? એ ખર્ચનું ઓડીટ કરવું. લાઉડ સ્પીકરો કેટલા વાગ્યા સુધી વગાડવા ? પક્ષ અને અપક્ષના કેટલા માણસો ક્યાં ક્યાં જઈ શકશે એ નિયમો નક્કી કરી નાખ્યા. આચારસંહિતાના અમલીકરણે ચૂંટણી લડતા ગભરામણ છૂટી જાય એવો માહોલ શેષને દેશમાં કરી મુક્યો. તત્કાલીન કોંગ્રેસી સરકારે શેષનને નાથવા તરત અસરથી બીજા બે ચૂંટણી કમિશ્નરો શેશન સાથે મૂકી દીધા. એક અધિકારી બંધારણની મર્યાદામાં કામ કરવા ધારે તો શું કરી શકે ? એ શેષને બતાવી દીધું. ચૂંટણી લડતા દરેક ઉમેદવારને શેષન સપનાઓમાં આવવા લાગ્યા હતા. અખબાર વાંચતો દેશનો દરેક માણસ આ અધિકારીને ઓળખતો થઈ ગયો. એમની નિવૃત્તિ બાદની ૧૯૯૯ની ભારતની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ખર્ચનો હિસાબ નહિ આપી શકવા બદલ લગભગ પંદરસો જેટલા ઉમેદવાર ત્રણ વર્ષ માટે ચૂંટણી લડવા ગેરલાયક ઠર્યા હતા. પણ, શેષને દેશના દરેક નાગરિકને મજબૂત મતદાર તરીકે પ્રસ્થાપિત કરી દીધો. જો કે નિવૃત્તિ પછી એ કોંગ્રેસની ટીકીટ પરથી ચૂંટણી લડ્યા અને હારી ગયા હતા. જેમ મતાધિકાર મહત્વનો છે એ મતાધિકાર છીનવાઈ ન જાય અથવા મહત્વ ઓછું કે આછું પાતળું થઈ ન જાય એ જોવું પણ એટલું જ જરૂરી છે. આ દેશે બુથ કેપ્ચરીંગ જેવો ચૂંટણી ધાંધલીઓનો એક કાલખંડ જોયો છે. આજે ચૂંટણીની જડબેસલાક વ્યવસ્થાના લીધે બિહાર જેવા રાજ્યમાં કોઈ પુનઃ મતદાન વિના ૨૪૩ વિધાનસભાની બેઠકોની ચૂંટણી સફળતાપૂર્વક પાર પડાઈ છે. જેનું અભિનંદનનું અધિકારી ભારતનું ચૂંટણી આયોગ છે. આજે ચૂંટણી આયોગ બિહારની સફળતા બાદ આખા દેશમાં મતદારયાદીનું સ્પેશીયલ ઈન્ટેન્સીવ રીવીઝન કરાવવા જઈ રહ્યું છે. એકલા બિહારમાં લગભગ સાઈઠ લાખ જેટલા નામ કમી કરીને ચૂંટણી યોજવામાં આવી હતી.

ભારતના પૂર્વોત્તર રાજ્યો અને પશ્ચિમ બંગાળ કે જેની સરહદો બાંગ્લાદેશને અડકીને આવેલ છે, ત્યાં ગેરકાયદે ઘૂસપેઠનો પ્રશ્ન ઘણા વર્ષોથી સળગી રહ્યો છે. ભૂતકાળમાં ઘણી ચૂંટણીઓમાં સૌથી વધુ સભાઓ અહિયાં કરવામાં આવતી હતી અને સભા પૂર્ણ થયે જયહિન્દને બદલે ખુદાહાફીઝ બોલવામાં આવતું હતું એ ભૂતકાળ બહુ જૂનો નથી. એટલે ખોટું રાશનકાર્ડ બનાવીને ઘૂસપેઠીયો થોડુઘણું રાશન લઈ જશે. ખોટું આધારકાર્ડ બનાવીને એ કોઈ આર્થિક યોજનાનો લાભ લઈ જશે. જે કોઈ ભારતીય ગરીબ કે જરૂરિયાતમંદના હિસ્સામાંથી ઓછું થશે કે સરકારી તિજોરી પર થોડું ભારણ આવશે પણ ભારતના અર્થતંત્રમાં જાજો ફરક નહિ પડે. કુદરતે અને ભારતીયોની મહેનતે એ ભંડાર અખૂટ ભર્યા પડ્યા છે. અર્થતંત્ર પણ આ બધા લાખોની સંખ્યામાં ઘૂસપેઠીયાઓને સાચવતા સાચવતા પણ વિશ્વની સૌથી ઝડપી આર્થિક પ્રગતિ ધરાવતું અર્થતંત્ર છે. પણ એ ખોટો મતાધિકારનો ઉપયોગ કરીને ખોટી વ્યક્તિને ચૂંટી જશે તો એ ઘા સીધો ભારતની અખંડતા અને સંપ્રભુતા પર થશે. કોઈ એવી વ્યક્તિ સત્તા પર બેસી જશે તો પ્રગતિના આ ફળો દિવાસ્વપ્ન બની જશે. ખોટું રાશનકાર્ડ કે ખોટું આધારકાર્ડ એટલી ગંભીર બાબત નથી જેટલી ગંભીર બાબત ખોટું ચૂંટણીકાર્ડ છે. તમારી સાથે સાથે કોઈ એવી વ્યક્તિ મતદાન કરી રહી છે, જેને એ અધિકાર નથી તો તેટલા અંશે તમારો મતાધિકાર ડાયલ્યુટ કે ઓછો મહત્વનો થઈ જાય છે. જે અધિકાર તમારી પાસે નથી અને તમે એ અધિકારનો ઉપયોગ કરી રહ્યા છો તો સ્વાભાવિક છે કે તમને તેના ઉપયોગનું પ્રમાણભાન કે વિવેકબુદ્ધિ ન હોય. મતાધિકાર ચોક્ખો અને સંપૂર્ણ છે. મતદારયાદી લોકશાહીની ભગવદગીતા છે. મારા સનદી અધિકારી તરીકેના કાર્યકાળમાં ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતો ત્યારે મારા ઉપરી અધિકારીઓ હમેશા કહેતા કે મતદારયાદી જેટલી સંપૂર્ણ અને ચોખ્ખી હશે, ચૂંટણી એટલી સરળ રહેશે. આજે દેશમાં મતદારયાદી સાફ કરવાનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે.

આ કવાયતથી જેને જેને પેટમાં દુઃખે છે એને દેશની જનતા પીછાણવા લાગી છે. સાઈઠ લાખ મતદારોના નામ કમી થાય અને એકપણ ફરિયાદ ન થાય તો ચૂંટણી પંચની પ્રમાણિકતા પર સવાલ ઉઠાવવો લાઝમી નથી. દેશમાં એટલી જાગૃતિ તો છે જ કે કોઈ વ્યક્તિ પોતાનું નામ કમી થઈ જાય તો અવાજ ઉઠાવી શકે. કોઈનું નામ ખોટી રીતે કમી કરી દેવું એ કેટલી ગંભીર બાબત છે એ આ લાખનાર સુપેરે જાણે છે. કોઈના બંધારણીય અધિકારને સમાપ્ત કરી દેવો ગંભીર ગુનો ગણાય છે. ચૂંટણીની કે મતદારયાદીની કોઈપણ કવાયત કે ઝુંબેશ દરમિયાન એમાં જોતરાયેલાઓના બ્લડપ્રેશર ઊંચા રહે છે. ક્વિક નોટ - હું ૮૯ કરોડ જનતા અને ૫૪ કરોડ મતદાતાઓનો નોકર છું. દુનિયામાં ક્યાંય ૫૪ કરોડ મતદાતા અને છ લાખ મતદાન કેન્દ્રો નથી. મને ખલનાયક કહો, પણ હું કોઈ દરવાજાનું પગ લુંછણીયું નથી. — ટી.એન. શેષન ■


production@infiniumpharmachem.com


# જેન ઝી વિશે તમારું શું માનવું છે ?

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩



(૧) જન્માક્ષર અને હસ્તાક્ષર વચ્ચે શું અંતર?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

ટેબલ અને કેબલ જેટલો.

(૨) એવી કઈ દાળ છે કે જે રોટલી સાથે ના ખાઈ શકાય?

જીગર આહીર (દાત્રાણા-પાટણ)

ધાણાદાળ.

(૩) જેન ઝી વિશે તમારું શું માનવું છે?

વર્ષાબેન પંપાણિયા (રાજુલા)

એ લોકો એક વૃધ્ધને ગાદી પરથી ઉતારી બીજા વૃધ્ધને બેસાડે છે એવું સાંભળ્યું છે!

(૪) લગનની સિઝનમાં સામીજાળ કેમ આવે છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા(નવા ઉજળા)

જેથી ગોરદાદા, કેટરર્સ અને મંડપ સર્વિસવાળા થોડો પોરો ખાઈ શકે.

(૫) આઈસ્ક્રીમના કોન અને મહેંદીના કોન વચ્ચે શું તફાવત?

જય દવે (ભાવનગર)

આઈસ્ક્રીમનો કોન હાથે પગે ન લગાવાય અને મહેંદીનો કોન ચુસાય નહી!

(૬) મનુષ્ય ન ઈચ્છતા હોવા છતાં પણ પાપ કેમ કરે છે ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

હશે હવે. તમે સ્વીકારી લીધું એટલે તમારા ધોવાઈ ગયા!

(૭) ગરમીનો કોઈ ફાયદો ખરો?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

હા, ઠંડી ન લાગે.

(૮) વીસ વરસ પછીનું વિચારીને ધંધો કરવો હોય તો ક્યો કરાય?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

વિમાનનું ગેરેજ નાખો!

(૯) પ્રશ્ન સીધો મોકલવાનો હોય છે?

દર્શન પટેલ (વડોદરા)

હા, હું જવાબ આડો કરીને મોકલીશ.

(૧૦) માથાભારે વ્યક્તિ પોતાને દાદો કેમ સમજે છે?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)

એ નહી, આપણે એને દાદો સમજીએ છીએ.

(૧૧) દવા હંમેશાં કડવી જ કેમ હોય?

માધવી દેવમુરારી (માધુપુર)

સીરપ પીવાનું રાખો.

(૧૨) ઈન્સ્ટાગ્રામમાં ઝડપથી ફોલોવર્સ વધારવા શું કરવું જોઈએ? કનુભાઈ પરમાર (દામનગર)

ઘરમાં શાકભાજી સાથે ફ્લાવર ઉગાડો.

(૧૩) જે પસંદ હોય તેની ખામી નથી દેખાતી અને નાપસંદ હોય એની ખામી દેખાય. એવું કેમ?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

વળી પાછી કોનામાં ખામી દેખાણી?!

(૧૪) તમને કંટાળો આવે છે?

કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)

અત્યાર સુધી નહોતો આવતો. આ પ્રશ્ન વાંચ્યો એટલે શરૂ થયો.

(૧૫) તમે પણ હવે ટ્રમ્પની જેમ એકબીજા સાથે સમાધાન કરાવી દેવાનું કામ રાખો તો?

રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)

તો પછી ઝઘડો કોણ કરાવશે?! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ગમે તેમ કહો પણ સત્ય એ કે જે જેવું વિચારે છે તે તેવું પામે છે



ધરતી પર અણદીઠ પવનનો વૈભવ પથરાયો છે. હવે એમાં સહેજ વહેલા સીધો જ અણધારી શીતળતાનો વળી પ્રવેશ થયો છે. સાંજ પડે છે ને પશ્ચિમમાંથી ઠંડા પવનની લહેરો શરૂ થઈ જાય છે. કુદરતમાં વિદ્યમાન ક્રમિકતા દર્શનીય હોય છે. હજુ દિવસે તો સૂરજનો પરિતાપ અનુભવાય છે. હોય ઘટાદાર વડલો પણ એવા સ્વરૂપે પહોંચતા એને વરસો લાગે છે. કોઈ સતત ઘૂંટાતો શુભ વિચાર પણ એનો સાક્ષાત અમલ થતાં વરસો લે છે.

જે જેવું વિચારે છે તે તેવું પામે છે એ તો આપણી જુની ન ગણકારેલી છતાં સાવ સાચી માન્યતા છે. સહુ શ્રેષ્ઠતાઓને ચાહે છે પરંતુ વિચારલોકમાં જે આ મેજિક મિક્સ સંસાર પ્રવેશી જાય છે તે પેલી સ્વકલ્પિત શ્રેષ્ઠતાઓને દૂર ને દૂર લઈ જાય છે. પ્રેમાનંદ અહીં એક ટકોર કરે છે. ચિત્રલેખા એની પ્રિય સખી ઉષાને ઓખાહરણમાં આશ્વાસન આપે છે.... ઓખા રુવે ચિત્રલેખા વિનવે, ઘેલી સહિયર નવ રોઈ, સ્વપ્રે દીઠું જો નીપજે તો દુઃખ ન પામે કોઈ...!

જિંદગીમાં ચોતરફ ક્રમિકતા છે. કોઈ પણ સફળતાને નિરખતી વેળાએ કમાલ લાગે છે. પરંતુ એ કમાલ પાછળ કેટલી જિંદગીઓનું તપ છે એ વીસરાઈ જાય છે. માણસ જ્યારે મધ્યવયે પહોંચે છે ત્યારે એને યૌવનની શરૂઆતે થયેલી ભૂલો દેખાય છે. અભ્યાસકાળ દરમિયાન કારકિર્દી અંગે લીધેલા સાચા કે ખોટા નિર્ણયોનું પરિણામ મધ્યવયે ભોગવવાનું હોય છે અને આધેડ વયે કરેલા નિર્ણયોનું પરિણામ નિવૃત્તિ ટાણે ભોગવવું પડે છે. જેમણે વિચારશીલ અને યોગ્ય નિર્ણયો લીધા હોય તેમણે એના મીઠા ફળ માણવાના છે અને ખોટા કે ભૂલ ભરેલા અભિગમવાળા લોકોએ ભહુ સહન કરવાનું આવે છે.

જેમ કુદરતમાં એ જ રીતે અધ્યાત્મમાં પણ ક્રમિકતાનો મહિમા છે. આ દુનિયા રાતોરાતની છે જ નહિ. આજકાલ પ્રેમભૂષણજી મહારાજ તેમની કૃષ્ણકથાઓમાં એક ભક્તિગીત ગાતા રહે છે... જો કરતે રહોગે ભજન ધીરે ધીરે.... તો મિલ જાયેગા વો સજન ધીરે ધીરે... અધ્યાત્મના પ્રથમ સંસ્કાર ધૈર્ય છે. સાંઈબાબાએ એને સબૂરી કહી છે. તરત મળે એમાં જેને રસ નથી એ તપસ્વી છે. કારણ કે તપનો અર્થ તપસ્વી સમજે છે. તપ કદી વિફળ નથી હોતું પરંતુ તપની ઘનતા પર એની પરિણતી નિર્ભર છે. નિત્ય એક જ સમયે એક જ વાર પણ અણભૂલ્યે હરિનામ લેવું એ પણ એક તપ છે. કોઈ પણ તપના પહેલા પાંચ પગથિયા ચડો એટલે ખ્યાલ આવે કે સામાન્ય દેખાતા એ તપમાં તપનું તપ્ત એલિમેન્ટ શું છે ! આ દુનિયા નાના-નાના તપસ્વીઓથી ભરેલી છે. એ બધા આત્મઘોષ વિનાના તપ છે. એને ઓળખવા કે અન્ડરલાઈન કરવામાં આપણો સ્વાર્થ છે, અનુકરણાર્થેય એકાદ તપ આવડી જાય તો બેડો પાર થઈ જાય.

જે શીખવાનું છે તે શાસ્ત્રોમાં નથી. શાસ્ત્રો તો શું શીખવું જોઈએ એના તરફનો અને એય ક્યાંક સાંકેતિક તો ક્યાંક પ્રતીકાત્મક નિર્દેશ માત્ર છે. જે શીખવાનું છે તે તો પોતાની અને બીજાઓની અણમોલ જિંદગીઓમાંથી જ શીખવાનું છે. આને આપણે લોકાનુભવ પણ કહીએ. લોકોનો અનુભવ નહિ પણ લોકો સાથેનો આપણો અનુભવ. સદગુરુ તો એકે હજારા હોય છે. તોય દત્તાત્રેયે અધિકાધિક ગુરુ ધાર્યા અને એમના સદગુણને નિજ આત્મામાં ઊંડે ઉતાર્યા. કેવી મનોહર એમની આ અધ્યાત્મવિદ્યાયાત્રા છે. એક ગુરુ પાસેથી જ્ઞાન મળ્યું ને તરત જ તરસ વધી એટલે બીજા સદગુરુના શરણે પહોંચ્યા. એમ પુનરપિ જિજ્ઞાસા પ્રદીપ્ત થતી રહી ને સદગુરુની ઓળખ અને શરણ એ જ એમનો જીવન ક્રમ બની

**સપ્તરંગ**
**દિલીપ ભટ્ટાચાર્ય**

રહ્યો. એમની એ ચહુદિશ શોધ અને સર્વતોમુખી ગુરુભાવનું અનુશીલન જ એમને ચતુર્મુખ સ્વરૂપમાં પ્રતિષ્ઠાપિત કરે છે.

અધ્યાત્મમાં ધીરજનો મહિમા છે. એટલે જ ઉદગાતા કહે છે કે જો કરતે રહોગે ભજન ધીરે ધીરે.... ભક્તિ સ્વયં કોઈ ચમત્કારની અપેક્ષા રાખતી નથી. જેમાં ભક્તને કોઈ જ અપેક્ષા નથી એ ભક્તિ છે, અને જેમાં કોઈક ગણતરી છે એ પરમતત્ત્વ સાથેની એક પ્રકારની સોદાબાજી છે. જો કે જે ભક્ત હોય છે એને સાંસારિક કોઈ લાભ કે કોઈ લોભની તમા હોતી નથી, કારણ કે એનાથી મુક્ત થયા પછી તો ભક્તિની શરૂઆત થાય છે. ભક્તિ કદાચ એક આયુષ્યકાળને ઓળંગીને જન્મજમાન્તર ચાલતી પ્રક્રિયા છે. કારણ કે ભક્તિ આત્માના સંસ્કાર છે. સંસારની લિપ્તતા સાથે એને બહુ ઓછો સંબંધ છે. ભક્ત સંસારથી લિપ્ત નથી, નિર્લિપ્ત છે.

આજ સુધી જે ભક્તો જોવામાં આવ્યા છે તે

**સહુ શ્રેષ્ઠતાઓને ચાહે છે પરંતુ વિચારલોકમાં જે આ મેજિક મિક્સ સંસાર પ્રવેશી જાય છે તે પેલી સ્વકલ્પિત શ્રેષ્ઠતાઓને દૂર ને દૂર લઈ જાય છે.**

આ જગત સાથે ખપ પૂરતો નહિવત્ સંબંધ ધરાવે છે અને જીવનના મુખ્ય ઉપક્રમ તરીકે તેઓ પરમ તત્ત્વને ઉપાસે છે. એટલી હદ સુધી કે તેઓને એ જાણવામાં પણ રસ નથી કે મારી ભક્તિ પ્રભુ સુધી પહોંચે છે કે નહીં. તેઓ કદીક પ્રભુને પ્રેમ પત્ર લખે છે મનોમન, પરંતુ એ પત્રનો વળી પાછો પહોંચનો કાગળ એમને મળે એવી કોઈ રાહ તેઓ જોતા નથી. એટલે જ મનુષ્યના અનેક પ્રકારના સર્વોચ્ચ ચરિત્રોમાં ભક્ત એક વિશિષ્ટ પ્રકારનું ચરિત્ર છે. ભક્તને જન્મ આપનારી માતા એટલે જ સદાય વંદનીય છે. કોઈ એવા જે ધીરે ધીરે પ્રભુ ભણી ધપતા ભક્ત હોય એની જ તો આગળ-પાછળ સકલ બ્રહ્મ ફર્યા કરે છે. ભક્ત ભક્તિથી સ્વયં જ્યારે બ્રહ્મતત્ત્વને પામે ત્યારે જ તો બ્રહ્મ એની પાસે લટકાં કરવા લાગે છે. અનુભવે જ નરસૈંયો કહે છે કે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...!

વન-ઉપવનથી દૂર નીકળ્યા પછી મનુષ્યની ક્રમિક વિકાસમાં શ્રદ્ધા અને ધીરજ કંઈક ઓછાં થઈ ગયા છે. જેમનામાં ધીરજ નથી એ કદાચ ઉતાવળી જિંદગીનો યાત્રિક બની શકે, પરંતુ અધ્યાત્મના મલકમાં એને પ્રવેશ નથી. હરિના મારગમાં પરથમ પહેલું જે મસ્તક મૂકવાની વાત કરી તેમાં વીરતાની વાત તો છે જ, ઉપરાંત સમગ્ર બુદ્ધિ પ્રદેશ પડતો મૂકવાની પણ વાત છે. બહુ બુદ્ધિ અને તર્ક લડાવ્યા પછી શોર્ટકટનો કે ઉતાવળનો જન્મ થતો હોય છે એ કદાચ કવિ પ્રીતમદાસને ખબર છે. એટલે એમણે વ્યંજના રચીને માથું જ મૂકી દેવાની શરત કરી છે. ઉતાવળનું તો અહીં કોઈ કામ જ નથી. રામા રામા કરતે કરતે બીતી રે ઉંમરિયા.... એ શબરી છે. એવા જ ધીરે ધીરેના પંથપ્રવાસીઓથી સજનને મળવાના મનોરથોનો એક અલગ જ અણદેખ્યો મેળો આ જગતમાં ભરાયેલો છે.

જીવનની ક્ષણભંગુરતાનો પડઘો આમ તો કોઈ મનુષ્યને વારંવાર સંભળાતો નથી અને એને કારણે એ જીવનનો પૂરેપૂરો આનંદ લઈ શકે છે. જ્યારે એ ધવલ સ્વચ્છ અંતઃકરણમાં પોતાની જિંદગીને ફિલ્મની જેમ જુએ છે ત્યારે એમ જ માને છે કે એમાં મહાનાયક હું સ્વયં છું. હકીકતમાં આ સૃષ્ટિના સરજનહાર વિશે આપણે સંપૂર્ણ અજ્ઞાન છીએ. જિંદગી આપણે માનીએ છીએ એના કરતાં બહુ જ વધુ તકલાદી છે અને એની પ્રતીતિ છેલ્લા બે વરસમાં આખી દુનિયાને થઈ છે.

એનું કારણ છે કે સમગ્ર માનવ શરીરમાં કોઈ પણ ક્ષણે કોઈપણ વિચિત્ર ઘટના બની શકે છે. આંતરિક શરીર તો આપણે જાણતા જ નથી. એટલું જ નહીં ડોક્ટર સિવાય કોઈને રસ પણ નથી. કે આ અદ્‌ભુત ચમત્કાર શું છે. આપણી હયાતી અનેક સુખદ અકસ્માતોનો સરવાળો છે એટલે કે એમાં કોઈ પૂર્વ નિયોજિત યોજના હોવાની સંભાવના ઓછી છે અને આકસ્મિકતા છે. એ અનેકરંગી અનેક આકસ્મિકતાઓનો સરવાળો આપણી હયાતી છે..... તો મિલ જાયેગા સજન... અહીં સજનનો અર્થ માત્ર પ્રિયતમ કે પરમેશ્વર નથી. પરંતુ તમે જેને અને જે કંઈ ચાહો છો એ પ્રાપ્ત થઈ જવાનું વચન છે. એટલે કે ભજન ક્રમશઃ અનંતકાલીન શરૂ રાખવાની વાત છે. ભજન એટલે ઉપાસના. સંગીત, પ્રકૃતિ કે ઈતર કલાની સાધના પણ ભજન છે. એ સાધના જ સાફલ્ય સુધી પહોંચાડે છે. ■

# .... પાછળ રહી ગયા કેવળ પડઘા...



પિતાજી નવી માને પરણીને ઘરમાં લાવ્યા એ તો એને જરાય ગમ્યું નહોતું. નવી માએ લાલ પાનેતર પહેરીને ઓંસરીમાંથી ઓરડામાં, ઓરડામાંથી રસોડામાં હળવે હળવે આંટો મારી લીધો. પછી તો રોજેરોજ નવી નવી સાડી, સાડલા પહેરીને આખા ઘરમાં ઘૂમ્યા કરતી ને પિતાજી એની પાછળ ઘૂમ્યા કરતા.

એને નવી માના કાળા ભમ્મર મોટા મોટા ડોળા બિહામણા લાગતા. એ હાથ ફેલાવીને કહેતીઃ 'ભોલુ, આવને અહીં. મારાથી દુર દુર કેમ ભાગે છે ? ' તો એ દૂર હટી જતો. એક વખત ઘરમાં કોઇ નહોતું. પિતાજીય બહાર ગયેલા ને એ લેશન કરતો હતો ત્યાં જ માએ પાછળથી બિલ્લી પગે આવીને એની આંખો ઉપર હળવેથી હથેળી દબાવી દીધી. એ ચીસ પાડી ઉઠ્યો. બરાબર એ જ વખતે પિતાજી ખડકીમાં પ્રવેશ્યા અને એ બેબાકળો, પરસેવે રેબઝેબ થતો ભાગ્યો.

'અરે અરે બેટા ભોલુ...' નવી મા પાછળ દોડી.

' ઓય મા-' તેની ચીસ ફાટી ગઈ.

' અરે અરે પણ ભોલુ, શું થયું ? ' પિતાજી આશ્ચર્યચકિત મૂઢ બની ઘડીકમાં તેને અને ઘડીકમાં પોતાની નવીસવી પત્નીને જોઇ રહ્યા. અને પછી ડારતા અવાજે પૂછ્યુંઃ 'તેં કંઇ કર્યુ છે આને ? '

' અરે... હું તો એને વ્હાલ કરતી હતી ને એ ભાગ્યો...' પત્નીએ સ્મિત કરી, માથે સાડી ઓઢી કહયું...

' ના... પિતાજી એમણે મારી આંખો દબાવી હતી.'

' અરે પણ હું તો બેટા તને વહાલ કરતી હતી... ને તું બી ગયો..'

' મારી મા કોઇ દિ' મારી આંખો દબાવતી નહોતી. એ તો ... એ તો...' એ રડી પડ્યોઃ ' પાસે બેસાડી માથામાં હાથ ફેરવતી. મારા વાંસામાં હળવે હળવે પંપાળતી. મને ગાલે બચીઓ ભરતી. બથમાં લઇ લેતી અને.. હું સૂઇ જાઉ ત્યારે મારા વાંસામાં હળવે હળવે ખંજોળી પણ દેતી. તમે મા છો પણ મારી સગીમા તો નહીં ને?...' અને પછી પિતાજી કહી વળગી પડ્યોઃ ' મને એમણે આંખો દબાવીને પછી-

' અરે પણ આ શું ગાંડા કાઢે છે ? સાવ રોતલ, બીકણ છો તું તો. એ બિચારી વહાલ કરે છે અને તને બીજું તો કાંઇ નથી કરી નાખ્યું ને ? ' પિતાજી ગર્જી ઉઠ્યા. 'ખબરદાર જો હવે પછી ખોટું ખોટું રોયો છે તો ! પાડોશમાં એની છાપ ખરાબ કરવી છે ? ' કહી પિતાએ ધક્કો માર્યો. એ અડવડિયુ ખાઇ ગયો. એ નીચે પડી જાત પણ એ પહેલાં માએ તેને ઝીલી લીધો. એ પણ સામે સ્હેજ તાતા અવાજે બોલી ઉઠીઃ 'શું કામ એને ખિજાવો છો ? કાંઇ વાંક છે એનો ? એ બિચારો બી ગયો ! એમાં એનો શો વાંક ? હવે પછી એને વઢતા નહીં કયારેય...' કહી, ભોલુના માથે હાથ ફેરવ્યોઃ ' બેટા, હવે તો તારી સાચી મા જેમ રોજ સૂતી વખતે તને પંપાળતી તેમ પંપાળીશ. વાંસામાં ખંજોળી દઇશ. રોજ એક નવી વારતા કહીશ.'

ગમે તેમ હોય પણ એ નવી માથી દૂર હટી ન શકયો. કદાચ બાપની બીક પણ એમાં કારણભૂત હોય !

પણ એ શેરીમાં નીકળતો ને આડોશી પાડોશી તેને જોઇને અરેરાટી કરી બોલી ઉઠતાઃ ' જુઓ તો ખરા, ચાર મહિનામાં તો કેવો મરવા પડ્યો છે આ ભોલિયો ? સવિતાએ એક વાર આને જોઇ લીધો હોત, તેને ખોળામાં લઇને એક કોર બેસી ગઇ હોત ને તો ય ક્રોધ અંદર ને અંદર સમાઇ જાત... એણેય બહુ ઉતાવળું

**વાર્તા વિશ્વ**



**યોગેશ પંડ્યા**

પગલું ભરી લીધું. હવે એને જોવું છે કાંઇ ? ચીમનને તો આની કયાં કાંઇ પડી જ છે. ઇ તો ઓલી લટપટણીના મોહમાં એવો ઉંડો ઉતરી ગયો છે કે દુનિયાનું કાંઇ ભાન જ નથી રહ્યું...'

એ આવા બધા શબ્દો સાંભળતો. તેને થતું કે, માણસો જેવી વાત કરે છે એવુ તો કાંઇ નથી! જેમ મા સાચવતી એમ જ નવી મા સાચવે છે. જેમ વહાલ કરતી એવું જ વહાલ કરે છે. જેવું ખાવાનું બનાવતી એવું જ બનાવે છે...! હા, માના સાડલામાં જે સોડમ આવતી હતી એવી મીઠી સોડમ નથી આવતી...

તેની સાથે ભણતા પ્રતીક, મયંક, રાજ, પ્રીતેશ બધા કહેતાઃ ' તું જો તો ખરો, દિવસો જવા દે. પછી તારો વારો છે. તને મારી મારીને ભગાડી ન દે તો અમને કહેજે ને. નવી મા કાંઇ થોડી આપણી સાચી મા થઇ શકે ? ' પ્રીતેશ કહેતો ' નવું નવું છે ને એટલે સાચવશે. થોડા દિવસો પછી તારા પપ્પા આગળ ખોટી કાનભંભેરણી કરશેને માર ખવરાવશે' રાજે કહેલું.

' મારાં માસી ગુજરી ગયા ને મારા માસાએ બીજા લગન કર્યા છે. મારા જૂના માસીના પિંકી અને મોન્ટુ બિચારાને બહુ હેરાન કરે છે. હમણાં સાતમ-આઠમ ઉપર આવ્યાં'તા તો એવા રડતાં'તા ... કે મારી મમ્મીએ તો મારા માસાને ફોન કરી દીધો કે એ લોકો તો અહીં જ ભણશે...'

' હવે તને ભણવાય નહીં દે. ને કયાંક મજૂરીએ ચડાવી દેશે..' મયંક કહેતો. એ ભયથી ત્રસ્ત થઇ જતો. એવા જ ફફડતા હૈયે સાંજે ઘેર આવતો. એક તો ભૂખ, બીજું દુઃખ, ત્રીજુ માની યાદ... પણ, જેવો એ ખડકીમાં પ્રવેશતો ત્યાં જ મા સામી આવતી અને 'આવી ગયો બેટા...' કહી માથે હાથ ફેરવતી. એક-બે પપ્પી કરી લેતીઃ 'ચાલ, ભૂખ લાગી છે ને ! મેં આજ તો તારી માટે બટેકાપૌંઆ બનાવ્યા છે. તું કહેતો'તો ને તને બહુ ભાવે છે...' બટેકાપૌંઆનું નામ સાંભળીને તેના મોંમાં પાણી આવી જતું. પોતાની મા પણ એને બટેકાપૌંઆ બહુ બનાવી દેતી. પણ નવી માના હાથના બનાવેલા બટેકાપૌંઆ જેવો સ્વાદ નહોતો આવતો. નવી મા તો બટેકાપૌંઆ બહુ 'ટેસ્ટી' સ્વાદિષ્ટ બનાવી દેતી !

ધીરે ધીરે એ નવી મા પાસે સૂતાં ય શીખી ગયો. મા તેને રોજ એક નવી વાર્તા કહેતી. બહુ મજા આવતી. એક વાર સૂતાં સૂતાં તેણે માના ગળામાં હાથ નાખ્યો. સાડલાનો પાલવ લીધો. ને પછી સૂંઘવા લાગ્યો.

'ભોલુ આ શું કરે છે તું ?' નવી માએ આશ્ચર્યચકિત થઇ પૂછ્યું

' હું તારો સાડલો સૂંઘું છું'

' કેમ ? '

' કેમ કે તેમાંથી મારી માના સાડલામાંથી આવતી હતી એવી સુગંધ આવે છે ? પણ મા, આજે એવી જ સુગંધ આવે છે.'

' એટલે તો હું તને કહું છું કે હવે હું જ તારી સાચી માને ? '

' હા મા. હવે તો તું જ સાચી મા. મારી સાચી મા પણ મને આટલો બધો નહોતી સાચવતી. એ વહાલ કરતી તો કયારેક વડકું પણ કરી લેતી. કયારેક ચૂમતી તો કયારેક ચીંટીયોય ભરી લેતી. મીઠું મીઠું બોલતી તો કયારેક મારી પણ લેતી! પણ તેં અત્યાર લગીમાં કયારેય મને એક કડવું વેણેય નથી કીધું મા... મેં તારા વિષે કેટકેટલું ખોટું ખોટું વિચારી લીધું હતું. એની આંખમાં આંસુ આવી ગયા – મા એ જ સાડલાના પાલવથી તેની આંખો લૂછી રહી... પણ એ દરમિયાન અચાનક જ ટી.બી.નો રોગ પિતાજીના પંડ્યમાં ઘર કરી ગયો હતો. એ જીવી શકે એમ નહોતું. જીથરી હોસ્પિટલે લઇ જવા પડ્યા. ભોલું પણ સાથે જ હતો.

એક રાત્રે તે અચાનક જાગી ગયો. મા પિતાજીના પગ દબાવી રહી હતી. પિતાજી દબાતે અવાજે તેને કહી રહ્યા હતાઃ 'વસુ, કદાચ આ જીવતરનો ભરોસો હવે નથી.'

'એવુ ન બોલો.'

' હા, વસુ, હવે મને સૂઝી ગયું છે. માંડ માંડ પાંચ વરસનું સુખ તેં ભાળ્યું. પણ એમાંય તારો સ્વાર્થ કેટલો ? એક સોયના નાકા જેટલોય નહીં ને ? એક સંતાન તારા પેટનું હોત તો તને સાચવેત...'

' ભોલુ મારા જ પેટનું સંતાન છે ને ? એ મારો દીકરો નથી ? ' (ક્રમશઃ) ■

# "મારી સાથે તારે વાત કરવા માટે મારી રજા લેવાની હોય...?"




"મારી આવી મુશ્કેલીની વાત ખાનગીમાં ભાભીને કરૂ તો તેઓ ચોક્કસ કંઇક રસ્તો કાઢશે. જો આમ થાય તો લગભગ બધી જ ચિંતા ઉકલી જશે. કારણ કે ભાભીને મારા પ્રત્યે ખૂબ જ લાગણી હોય તેવું મેં અનુભવ્યું છે. પરંતુ ભાભીને આવી વાત કરવી કેમ ? જોઇએ, એવો સમય અને એવી તક મળે ત્યારે વાત કરી લઈશ. મનમાં આવો નિશ્ચય કરીને મહેશે તેની આંખો સાચે જ બંધ કરી લીધી.

જ્યારે મહેશની આંખ ઊઘડી અને તેણે ઘડિયાળમાં જોયું તો સાંજના સાડા છ થયા હતા. એટલે તો તે ઝડપથી પલંગ પરથી બેઠો થયો. બાથરૂમમાં જઇ તેણે મોઢું ધોયું અને પછી આમ-તેમ નજર કરી સીધો જ બેઠકરૂમ એટલે કે હોલ તરફ ચાલતો થયો. જોયું તો હોલમાં કોઇ હતું નહીં એટલે પછી તે એમ જ સોફા પર બેસીને આજનું છાપુ ખોલી વાંચવા લાગ્યો.

થોડીવાર થઇ ત્યાં તો શાંતુ જ બેઠકરૂમમાં દાખલ થઇ અને સોફા પર બેસતાં વેત જ બોલી : "દામલ કયાં ?"

"મને ખબર નથી ભાભી...., હું તો દસ મિનિટ પહેલાં જ આ રૂમમાં આવ્યો છું. કારણ કે આજે બપોરના ભરપેટ જમ્યા પછી મને તો સારી એવી ઊંઘ આવી ગઇ... " મહેશે જવાબ આપ્યો.

મહેશનો આવો જવાબ મળતા શાંતુ કંઇ બોલી નહીં પરંતુ... તે ઊભી થઇ અને સીધી જ તેના બેડરૂમમાં ચાલી ગઇ. થોડીવારમાં તો તે ત્યાંથી પાછી આવી સોફા પર બેસતા બોલી : "દામલ તો બેડરૂમમાં નથી. મને લાગે છે કે તે માવો મસાલો ખાવા ચાલ્યો ગયો હશે...."

શાંતુ તો એમ જ સોફા પર બેઠી હતી ને ત્યારે મહેશને વિચાર આવ્યો કે, અત્યારે દામલ પણ હાજર નથી એટલે વાત કરવા માટે આ સમય ઉત્તમ છે. આવી તક પછી



**ધારાવાહી નવલકથા**
**અમૃત પરમાર**

કયારે મળે ? વળી ભાભી પણ અહી સામે જ બેઠાં છે થોડી વિનંતી કરૂ... તો મારૂં કામ થઇ જાય. આમ વિચારી મહેશે શાંતુભાભી સામે જોઇ જરા સ્મિત કરીને પૂછ્યું : "એક વાત પૂછું ભાભી....?"

મહેશનું આવું કહેવું સાંભળી શાંતુ હસતાં હસતાં તરત જ બોલી : "મારી સાથે તારે વાત કરવા માટે મારી રજા લેવાની હોય...? જે કંઇ કહેવાનું કે પૂછવાનું હોય તે નિઃસંકોચ બોલી દે...."

શાંતુના આવા શબ્દો સાંભળી મહેશ સાવ ધીમેથી બોલ્યો :

"હવે વાત એમ છે ભાભી..., મારે તો આ ગામમાં જ રહેવાનું છે. એકલ પંડે છું, નોકરી કરવી છે એટલે આ ગામમાં રહેવું તો પડશે જ ને ? મને તો ખૂબ જ ચિંતા થાય છે કે, હવે હું શું કરીશ... ? એટલે થયું કે ભાભીને પૂછું તો જ મારી ચિંતાનો ઉકેલ આવશે. હવે તમે જ કહો, આવી રીતે તમારે ત્યાં મારે કેટલા દિવસ રહેવું ? તેથી તો હું કહુ છું કે આ તમારા મકાનની આસપાસ મને એકાદ સારી એવી રૂમ ભાડે મળી જાય તો ખૂબ સારૂં અને બીજી વાત : અહી જમવા માટે સારી એવી લોજ કે પછી.... "

"એમ નહીં ભાભી...., હવે આ તો રોજનું થયું. વધારે વખત આમ આવી રીતે તમારે ત્યાં રહેવું એ સારૂં પણ ન લાગે. તમને તો ઠીક પરંતુ દામલ સાહેબને અનુકૂળ હોય કે ન પણ હોય, એટલે..." મહેશ આગળ બોલતા અટકયો.

"સારૂં, દામલ આવે એટલે રાતના નિરાંતે હું તેને આ બાબતે વાત કરીશ, એ પણ તારી હાજરીમાં જ, બસ ! પરંતુ હું વાત કરૂં ત્યારે તારે વચ્ચે કંઇ જ બોલવાનું નથી. તારે માત્ર સાંભળ્યા કરવાનું, બરાબર.... ? "

"તમે કહો તેમ, હું એક શબ્દ પણ નહીં બોલું ભાભી ! પરંતુ આટલું મારૂં કામ તમે વ્યવસ્થિત કરી દો તો..., તમારો ઉપકાર હું જિંદગીભર નહીં જ ભૂલું...".

"અરે... આવું ન બોલ મહેશ. એમાં વળી ઉપકાર શેનો ? સમજી લે, હું તારૂં આ કામ ચોક્કસ કરી દઇશ. પરંતુ પછી જરૂ પડયે તારે તારી આ ભાભીનું કામ પણ કરવું પડશે. ભૂલી ન જતો, યાદ રાખજે પછી ખરે ટાણે હા.... ના... હા.... ના... કરીશ એ નહીં ચાલે, સમજયો..? " શાંતુ વટથી બોલી.

"કોઈપણ નાના-મોટા કામની તમને ના નહીં કહું.... ભાભી ! કયારેય ના નહીં કહું બસ ! તમે મારા પર વિશ્વાસ રાખજો." મહેશે કહ્યું.

ને, બરાબર આ વાત પૂરી થઇ ત્યારે એ સમયે જ દામલ આવ્યો. સાચે જ તે માવો લેવા માટે પાનને ગલ્લે ગયો હતો. આવીને તે પણ સોફામાં બેઠો ને પછી થોડી આડી-અવળી વાતો કરીને શાંતુ તો રસોઇ બનાવવા માટે રસોડામાં ચાલી ગઇ. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજ્યના શ્રેષ્ઠ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુરસ્કાર

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરમપુર શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાયેલી ત્રિ-દિવસીય ૧૨મી ચિંતન શિબિરના સમાપન દિવસે વર્ષ:૨૦૨૪થી ૨૦૨૫ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રશાસનિક સેવા બદલ ચાર સનદી અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીએ નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ પુરસ્કાર આપ્યા હતા. જે સનદી




અધિકારીઓને સન્માનીત કરવાના છે તેમાં વલસાડના તત્કાલીન કલેક્ટર નૈમેષ દવે, પાટણના તત્કાલીન કલેકટર અરવિંદ વી., મોરબીના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ અને આણંદના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાનો સમાવેશ થાય છે. આ પુરસ્કાર અંર્તગત પ્રત્યેકને રૂ. ૫૧ હજારનો રોકડ પુરસ્કાર અને જે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હોય તે જિલ્લાના વિકાસ માટે રૂ. ૪૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવી હતી. શ્રેષ્ઠ કામગીરી બજાવતા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૨૫થી જિલ્લા કલેક્ટર/ જિલ્લા વિકાસ અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર આપવાની યોજના શરૂ કરવામાં આવેલી છે.

# દેશભરમાં મેડિકલ કોલેજો સામે ઈડીની મોટી કાર્યવાહી : ૧૫ સ્થળોએ પાડ્યા દરોડા

ગાંધીનગર,તા.૨૯

દેશભરની મેડિકલ કોલેજોને ખોટી રીતે મંજૂરી અપાવવાના રૂ. ૧૩૦૦ કરોડથી વધુના કથિત કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ શુક્રવારે મોટી કાર્યવાહી કરી હતી. ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત ૧૦ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે ૧૫થી વધુ



સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.આ દરોડાઓમાં મોબાઈલ ફોન, લેપટોપ, સર્વરમાંથી ડેટા, બેંક ટ્રાન્ઝેક્શનના દસ્તાવેજો અને અન્ય મહત્વના પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આવેલી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ એસઆઈએમએસઆરના સંચાલક સ્વામી ભક્તવત્સલદાસની કોલેજમાં EDની ટીમે સૌથી વધુ સમય ગાળ્યો હતો. માહિતી અનુસાર, અહીંથી મળી આવેલા ડિજિટલ ડેટા અને બેંક ટ્રાન્ઝેક્શનમાં કેટલાક અત્યંત સંવેદનશીલ વ્યવહારો મળી આવ્યા છે, જે આ કૌભાંડના મૂળ સુધી પહોંચવામાં મદદરૂપ થઈ શકે છે. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ સૌપ્રથમ ૩૦ જૂન ૨૦૨૫ના રોજ સીબીઆઈએ કર્યો હતો. દિલ્હી CBIએ નેશનલ મેડિકલ કમિશનના અધિકારીઓ, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અધિકારીઓ અને ખાનગી મેડિકલ કોલેજ સંચાલકો સામે એફઆઈઆર નોંધી હતી.

# તમામ બીએલઓને સુરક્ષા આપવા ચૂંટણી પંચની બંગાળ પોલીસને તાકીદ

કોલકાતા,તા.૨૯

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક રાજીવ કુમારને કડક સૂચનાઓ આપી છે કે એસઆઈઆર દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) અને અન્ય ફિલ્ડ ઓફિસર્સની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે. કમિશનને ઘણી જગ્યાએથી ફરિયાદો મળી છે કે આ અધિકારીઓના જીવન અને સંપત્તિ માટે 'સ્પષ્ટ ખતરો' છે. ત્રણ દિવસમાં રાજ્ય સરકારને આ કમિશનનો બીજો પત્ર છે. બુધવારે જ, કમિશને કોલકાતા પોલીસ કમિશનર મનોજ કુમાર વર્માને પત્ર લખીને મુખ્ય ચૂંટણી અધિકારીની ઓફિસમાં 'ગંભીર સુરક્ષા ખામી' પર નારાજગી વ્યક્ત કરી હતી. કેટલાક BLO એ 'અતિશય કામના દબાણ' સામે વિરોધ દર્શાવ્યો હતો. અહેવાલો અનુસાર, લખેલા પત્રમાં, કમિશન સચિવ સુજીત કુમાર મિશ્રાએ લખ્યું, "ચૂંટણી પંચને વિવિધ સ્ત્રોતોમાંથી માહિતી મળી છે."

# રાજ્યમાં ગ્રામ પંચાયતોને મળશે ૭૪૧.૯૦ કરોડની ગ્રાન્ટ : રાજ્ય સરકારે કરી ફાળવણી

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યના ગ્રામીણ વિસ્તારોને વધુ સશક્ત અને સ્વાવલંબી બનાવવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ૧૫મા કેન્દ્રીય નાણાપંચની ભલામણોને અનુરૂપ રાજ્ય સરકારે પંચાયતીરાજ સંસ્થાઓને બીજા હપ્તા હેઠળ કુલ ૭૪૧.૯૦ કરોડની વિશાળ ગ્રાન્ટ ફાળવી છે.



પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, "આ રકમથી રાજ્યના ગામડાંઓમાં આશરે ૪૫,૦૦૦થી વધુ નવા વિકાસ કાર્યો હાથ ધરાશે.

ખાસ કરીને પીવાનું સ્વચ્છ પાણી, ગટર વ્યવસ્થા, ગામડાના આંતરિક સિમેન્ટ રસ્તા, સોલાર સ્ટ્રીટ લાઈટ, આંગણવાડીનું આધુનિકીકરણ તેમજ સ્વચ્છતા સંબંધિત કામોને પ્રાધાન્ય અપાશે." રાજ્ય સરકારે આ રકમને પંચાયતીરાજના ત્રણેય સ્તરો વચ્ચે નિયત રેશિયો પ્રમાણે વહેંચી છે. જેમાં ગ્રામ પંચાયતોને ૭૦% એટલે કે ૫૧૯.૩૩ કરોડ, તાલુકા પંચાયતોને ૨૦% એટલે કે ૧૪૮.૩૮ કરોડ અને જિલ્લા પંચાયતોને ૧૦% એટલે કે ૭૪.૧૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, "ગ્રામ પંચાયતોને સૌથી વધુ ૭૦ ટકા હિસ્સો આપવાથી સીધો લાભ ગામડે ગામડે પહોંચશે.

# અમરેલી જિલ્લામાં ૨૫ હજારથી વધુ ખેડૂતોને ૭૫ કરોડથી વધુની રાહત સહાય

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાન બદલ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ હેઠળ અત્યાર સુધીમાં ૨૫,૦૦૦થી વધુ ખેડૂતોએ ૭૫ કરોડથી વધુની સહાયતા ડી.બી.ટી દ્વારા સીધી બેંક ખાતામાં મેળવી છે. જિલ્લામાં ૬૨૬ ગામમાંથી કુલ ૨.૧૯ લાખથી વધુ ખેડૂતો દ્વારા વી.સી.ઈ મારફતે ઓનલાઈન અરજીઓ કરવામાં આવી છે. અરજીઓના સાધનિક દસ્તાવેજોની ચકાસણી માટે ગ્રામસેવકો, ખેતીવાડી વિભાગ અને તાલુકા વહીવટી સ્ટાફ દિવસ-રાત વેરીફીકેશનમાં કાર્યરત છે.

**જિલ્લાના ૬૨૬ ગામમાંથી ૨.૧૯ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ સહાયતા પેકેજ અંતર્ગત વળતર મેળવવા માટે ઓનલાઇન અરજી કરી**

# બગસરાના માવજીંજવા અને જામકા ગામે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

બગસરા,તા.૨૯

બગસરા તાલુકાના માવજીંજવા અને જામકા ગામે થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો છે. માવજીંજવા ગામે અમિતભાઈ સાવલીયાના મકાનમાંથી અજાણ્યા ઈસમો રોકડ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી ગયા હતા તેમજ જામકા ગામે પણ રમેશભાઈ માયાણીના રહેણાંક મકાનમાંથી રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી જેથી પોલીસે ટેકનીકલ સોર્સ અને બાતમીદારોનો ઉપયોગ કરી તસ્કરોને ઝડપી પાડ્યા છે. બગસરા પોલીસે એક સગીર તસ્કરની ધરપકડ કરી છે જયારે તેની સાથે રહેલો હરસુખ ઉર્ફે યુવી કાળુભાઈ વાઘેલા રહે. સનાળી તા.વડીયાવાળો પોલીસ પકડથી દૂર હોવાથી પોલીસે તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આમ, ગઈકાલે પોલીસે ૫૦ ચોરીના ગુનાનો આરોપી ઝડપી પાડ્યા બાદ હવે માવજીંજવા અને જામકાની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

# એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫માં ભારતને મુખ્ય શક્તિનો દરજ્જો મળ્યો

સિડની,તા.૨૯

ઓસ્ટ્રેલિયા સ્થિત થિંક ટેન્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બહાર પાડવામાં આવેલા એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫માં ભારતે ફરી એકવાર એશિયાની 'મુખ્ય શક્તિ'નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શક્તિશાળી નવા ભારતનું પ્રતિક છે. ભારતે એશિયાના ટોચના ૨૭ દેશોની યાદીમાં ત્રીજું





સ્થાન મેળવ્યું છે અને ફરીથી ૪૦ પોઈન્ટનો મહત્વપૂર્ણ બેન્ચમાર્ક હાંસલ કર્યો છે. ભારતનો એકંદર સ્કોર ૧૦૦ માંથી ૪૦.૦ પોઈન્ટ હતો, જે અગાઉની આવૃત્તિની સરખામણીમાં ૦.૯ પોઈન્ટ અથવા ૨% નો વધારો છે.

એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ની યાદીમાં અમેરિકા પ્રથમ સ્થાને અને ચીન બીજા સ્થાને છે. આ પછી ભારતે ત્રીજું સ્થાન મેળવ્યું છે. ભારત પછી આ યાદીમાં જાપાન ચોથા સ્થાને છે અને રશિયા પાંચમા સ્થાને છે. પાકિસ્તાનને ટોપ-૧૦માં પણ સ્થાન મળ્યું નથી. જ્યારે થાઈલેન્ડ જેવા દેશે પણ ૧૦મું સ્થાન મેળવ્યું છે. આના પરથી પાકિસ્તાનની ખરાબ હાલતનો અંદાજ લગાવી શકાય છે.

# બગસરામાં સિંહણના હુમલામાં મોતને ભેટેલ બાળકના પરિવારને સહાય



બગસરા,તા.૨૯

બગસરા તાલુકાના હામાપુર ગામે ગત તા.૨૫ના રોજ સિંહણે વિનોદભાઈ ડામોરના પુત્ર કનક(ઉ.વ.૫)ને ઉઠાવી ફાડી ખાતા એરેરાટી પ્રસરી જવા પામી હતી. રાજ્ય સરકારના માનવ મૃત્યુના કિસ્સામાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધીરૂભાઈ માયાણી, વન સંરક્ષક, સરપંચ સહિતનાઓની હાજરીમાં મૃતક બાળકના પરિવારને રૂા.૧૦ લાખનો ચેક આપ્યો હતો.

# કોડીનાર નાગરિક સહકારી બેન્કના બાકીદારને કોર્ટે એક વર્ષની સજા ફટકારી

કોડીનાર,તા.૨૯

ધી કોડીનાર નાગરિક સહકારી બેંકની તાલાલા શાખામાંથી તાલાલા તાલુકાના રમળેચી ગીર ગામના રહીશ છગનભાઈ હરીભાઈ ત્રાંબડીયાએ વ્યાપાર મિત્ર લોન લીધેલ હતી. જેની રકમ રૂા.૫,૯૭,૪૪૧/- બાકી હતી જે સમયસર ભરપાઈ કરેલ નહી. જેથી બેંકે તેમના પેનલ એડવોકેટ ચેતનભાઈ શ્રાત્રિય મારફત તાલાલા નામ.કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ. આ કેસ કોર્ટમાં ચાલતા રજૂ થયેલ પુરાવા તથા વિવિધ નામ.




કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ તાલાલા નામ.કોર્ટે છગનભાઈ ત્રાંબડીયાને એક વર્ષની સાદી કેદની સજા તથા બેંકની બાકી રકમનો દોઢ ગણો દંડ કરતો હુકમ કર્યો હતો.

# ઉના-ગીરગઢડામાં પાક નુકસાનની સહાયના ૨૯ હજારથી વધુ ફોર્મ ભરાયા

ઉના,તા.૨૯

ઉના અને ગીરગઢડા તાલુકામાં કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનની સહાય માટે અત્યાર સુધીમાં ૨૯,૭૬૯ ખેડૂતોએ ફોર્મ ભર્યા છે. આ કામગીરી ૧૪ નવેમ્બરથી શરૂ થઈ હતી અને આગામી પાંચ દિવસ સુધી ચાલુ રહેશે. ગ્રામ પંચાયત કચેરીઓ પર વી.સી.ઈ દ્વારા ફોર્મ ભરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૨૪



તસવીર : કૈલાશ ભટ્ટ

નવેમ્બર સુધીમાં ગીરગઢડા તાલુકામાં ૧૩,૩૦૦ (૫૮ ગામો) અને ઉના તાલુકામાં ૧૬,૪૬૯ (૭૮ ગામો) મળી કુલ ૨૯,૭૬૯ સહાય ફોર્મ ખેડૂતો દ્વારા ભરવામાં આવ્યા છે.

# ડી.ડી. ઝાટકિયા મા. શાળા ઘાંટવડમાં નાલ્સાની ડ્રગ્સ મુક્ત ભારત સ્કીમ હેઠળ સેમિનાર યોજાયો

ઉના, તા.૨૯

તાલુકા કાનૂની સેવા સમિતિ કોડીનાર દ્વારા નાલ્સાની ડ્રગ મુક્ત ભારત સ્કીમ હેઠળ શાળાના બાળકોને "એન્ટી ડ્રગ" એટલે નશીલા પદાર્થો સામે જાગૃતિ, નિયંત્રણ અને નિવારણ વિશે સમજ અપાઈ તેમજ આજના યુગમાં યુવાનોને ડ્રગ જેવા ધીમા ઝેરથી દૂર કરવા માટે વિવિધ પ્રકારના કેમ્પ કરવામાં આવે છે. તેમજ બાળકોને નશાના ઉપયોગને રોકવા વિશે અને નશાની આદતની હાનીઓ વિશે કેવી રીતે જાગરુકતા



ફેલાવવી તેમજ નશા વિરોધી કાયદા અને અભિયાનોને સમર્થન કરવું અને યુવાનોને નશાથી દૂર રાખવા માટે શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તકે કોડીનાર કોર્ટ પીએલવી પ્રકાશ મકવાણા તેમજ જગદીશ નકુમ સાહેબ તેમજ સ્ટાફ અને શાળાના બાળકો હાજર રહ્યા હતા.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- દેવાણી બાબુભાઈ લાલજીભાઈ
રે.અમૃતવેલ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી અમૃતવેલ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા અંબાબેન લાલજીભાઈ દેવાણીનું મરણ તા.૨૫/૦૮/૧૯૮૧ ના રોજ મુ.અમૃતવેલ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૫/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# આજે ભારત અને સા.આફ્રિકા વચ્ચે પ્રથમ વન-ડે મેચ

(એચ.એસ.એલ),રાંચી,તા.૨૯

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બે મેચની ટેસ્ટ શ્રેણી પછી, બંને ટીમો હવે મર્યાદિત ઓવરની શ્રેણી રમશે, જેમાં ત્રણ મેચની શ્રેણી ૩૦ નવેમ્બરથી શરૂ થશે. બંને ટીમો વચ્ચેની પહેલી વનડે રાંચી સ્ટેડિયમમાં રમાશે, જ્યાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કે.એલ. રાહુલ કરશે, જેમને શુભમન ગિલ સંપૂર્ણપણે સ્વસ્થ ન થવાને કારણે આ જવાબદારી સોંપવામાં આવી છે.

**જાહેર હરરાજી**

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત શ્રી શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા તા.અમરેલી જી.અમરેલીની કમ્પાઉન્ડ વૉલની જાહેર હરરાજી રાખેલ છે. તો રસ ધરાવતી વ્યકિતઓએ ડીપોઝીટ પેટે રૂપિયા ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર ભરી હરરાજીમાં ભાગ લઈ શકશે. કમ્પાઉન્ડ વૉલનું નિરીક્ષણ શાળા સમય દરમ્યાન કરી શકાશે.

હરરાજીનું સ્થળ : શ્રી શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા
હરરાજીની તારીખ : ૦૮/૧૨/૨૦૨૫ ને સોમવાર
હરરાજીનો સમય : બપોરના ૩:૦૦ કલાકે

હરરાજીની શરતો (૧) હરરાજીમાં ભાગ લેનાર ઓળખકાર્ડ સાથે લાવવાનું રહેશે. (૨) ડીપોઝીટ ભરેલ વ્યકિત જ હરરાજીમાં ભાગ લઈ શકશે. (૩) ડીપોઝીટ તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ શ્રી શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા ખાતે રૂબરૂ ભરવાની રહેશે. (૪) વધારાની શરતો રૂબરૂ સંભળાવવામાં આવશે.

લી.
શાળા વ્યસ્થાપન સમિતિ
શ્રી શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળા

# ઉના તાલુકાનાં નવાબંદરની શિક્ષિકાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

ઉના,તા.૨૯

ઉના તાલુકાના નવાબંદરના રહેવાસી અને હાલ ઉનામાં શાહ એચ.ડી. હાઈસ્કૂલ સામે રહેતા ૩૦ વર્ષીય કાજલબેન વાઢેરે પોતાના ઘરના રસોડામાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. તેઓ જાફરાબાદ મોડલ સ્કૂલમાં સરકારી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. આજે સવારે તેમની માતાએ કાજલબેનને રસોડાના પંખા સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં જોયા હતા. તેમણે



બૂમાબૂમ કરતા પરિવારના અન્ય સભ્યો જાગી ગયા હતા. તાત્કાલિક ૧૧૨ નંબર પર જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. કાજલબેનને ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. કાજલબેન તેજાભાઈ વાઢેરની પુત્રી હતા. પરિવારમાં બે પુત્રી અને એક પુત્ર છે, જેમાં મોટી પુત્રીના લગ્ન થઈ ગયા છે. કાજલબેનને જુલાઈ મહિનામાં જાફરાબાદ મોડલ સ્કૂલમાં સરકારી શિક્ષક તરીકે નોકરી મળી હતી. નવાબંદરથી જાફરાબાદ અપડાઉન કરવામાં વાહનવ્યવહારની સમસ્યાને કારણે કાજલબેનના ભાઈ રાકેશભાઈ પરિવાર સાથે ઉના રહેવા આવી ગયા હતા. કાજલબેન ભણવામાં ખૂબ જ હોશિયાર હતા અને તેમનો પરિવાર સ્વાધ્યાય પરિવારમાં શ્રદ્ધા રાખે છે. તેઓ આ પગલું ભરશે તેવું પરિવાર માની શકતો નથી.

**લગ્ન બાદ દીકરીને ઢગ લઈ તેડીને પરત ફરતી વખતે બનાવ બન્યો**

# સાવરકુંડલાના સેંજળ ગામ નજીક બોલેરો પલટી ખાઈ જતા ૧૫ને ઈજા, એક મહિલાનું મોત

**ધારાસભ્ય મહેશ કસવાલા સહિતના આગેવાનો ઘટના સ્થળે પહોચ્યા**



સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામ નજીક એક બોલેરોએ પલટી મારી જતા ૧૫ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી જયારે એક મહિલાનું મૃત્યું થયુ છે. જેમાંથી ૮ વ્યક્તિઓને ૧૦૮ મારફતે સાવરકુંડલા સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ચાર વ્યક્તિઓને વંડા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રસનબેન અશોકભાઈ વાઘેલા - ૪૮ વર્ષની મહિલાનું મૃત્યુ થતાં તેમને સાવરકુંડલા પીએમ માટે ખસેડવામાં આવ્યા છે. જાણવા મળતી વિગત મુજબ પાલીતાણા નજીક ગંઢોળ હસ્તગીરી ગામના કોળી પરિવારના દીકરીના ગઈકાલે લગ્ન થયા હતા અને ૨૯ નવેમ્બર ૨૦૨૫ શુક્રવારના રોજ સેંજળ ગામે દીકરીને તેડવા માટે આ પરિવાર ગયો હતો. દીકરીને તેડીને પરત ફરતી વખતે આ અકસ્માત થયો હતો. અકસ્માતની ઘટનાને પગલે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, એપીએમસી ચેરમેન દીપકભાઈ માલાણી અને જીવનભાઈ વેકરીયાએ ઘટના સ્થળે પહોંચી સારવાર માટે મોકલવાની વ્યવસ્થા કરી હતી અને હોસ્પિટલમાં તાત્કાલિક અને યોગ્ય સારવાર મળે તેવી પણ સૂચનાઓ આપવામાં આવી હતી. અકસ્માતને પગલે પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. ડ્રાઈવરે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત થયો હોવાનું પ્રાથમિક સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

# જન આક્રોશ યાત્રામાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાનાં સરકાર પર આકરા પ્રહારો

અમદાવાદ,તા.૨૯



જન આક્રોશ યાત્રાના આઠમા દિવસની શરૂઆત બાઈક રેલી સ્વરૂપે ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાંથી કરવામાં આવી. ત્યારબાદ ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાંથી પસાર થતી યાત્રા પેથાપુર પહોંચી, જ્યાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું. તે પછી યાત્રા માણસા, ગ્રામ ભારતી, લોદરા માર્ગે મહુડી તરફ આગળ વધી. માર્ગમાં ઠેર-ઠેર સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉમળકાભેર યાત્રાનું સ્વાગત કર્યું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપના રાજમાં વિસ્તારની નદીઓમાં ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે, ગરીબ લોકોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જેવા શહેરમાં ચોમાસામાં સેક્ટરોના રસ્તાઓ ધોવાઈ જાય છે, ભૂવાઓ પડે છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાઓ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બની ગઈ છે. યુવાઓને રોજગાર મળી રહ્યો નથી, જેથી લોકો કોઈપણ ભોગે વિદેશ જવા મજબૂર થઈ રહ્યા છે અને ત્યાંથી પણ હાથકડીઓ પહેરાવીને ડિપોર્ટ કરવામાં આવે છે, છતાં સરકારના પેટનું પાણી હલતું નથી.

# છેલ્લા પાંચ વર્ષમાં ડ્રગ્સનો કારોબાર વધી રહ્યો છે : જીગ્નેશ મેવાણી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯

કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ આજે પત્રકાર પરિષદ યોજી હતી જેમાં તેમણે ગુજરાતમાં ડ્રગ્સ, દારૂ, જુગાર મુદ્દે મોટો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં સામાન્ય જનતા ત્રાહિમામ છે. તેમણે જણાવ્યું કે છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર વધી રહ્યો છે. જેને લઈને ગુજરાતના ગૃહ મંત્રી રાજીનામુ આપે તેવી ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ માંગ કરી છે.

જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, દારૂ, જુગાર અને ડ્રગ્સ મુદ્દે ગુજરાતની જનતા મંત્રીને કોસી રહ્યા છે. થરાદ અને ગુજરાતની જનતા બીજેપી અને તેમના મંત્રીઓ સામે આવી ગઈ છે. જુગાર, દારૂના અડ્ડાથી લોકો ત્રસ્ત છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર વધી રહ્યો છે, રાજ્ય સરકાર અને પોલીસની રહેમ નજર છે. ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાંથી ડ્રગ્સ પકડાયું છે.

# મોરબીમાં કોંગ્રેસે જિલ્લામાં કાર્યરત ૭૦ દારૂના અડ્ડાઓનું લિસ્ટ પોલીસ વડાને આપ્યું

મોરબી,તા.૨૯



જીજ્ઞેશ મેવાણીએ થરાદ જિલ્લામાં દારૂ, ડ્રગ્સની બદી મામલે પોલીસનો ઉધડો લઈ પટ્ટા ઉતરી જશે તેવું કહ્યું હતું. સાથે જ ગૃહમંત્રીની પણ ટીકા કરી હતી. ત્યારે આ મામલે ચાલી રહેલો વિવાદ હવે મોરબીમાં પણ પહોંચ્યો છે. મોરબીમાં કોંગ્રેસ દ્વારા જન આક્રોશ કાર્યક્રમ અંતર્ગત જીજ્ઞેશ મેવાણીને સમર્થન આપીને જિલ્લા પોલીસ વડાને આવેદન આપ્યું છે. જેમાં જિલ્લામાં કાર્યરત ૭૦ દારૂના અડ્ડાઓનું લિસ્ટ પણ આપવામાં આવ્યું છે. આ દારૂ-ડ્રગ્સના દુષણ સામે કાર્યવાહી નહીં થાય તો ૩૦ દિવસ પછી જનતા રેડની પણ ચીમકી આપવામાં આવી છે.

ગુજરાતમાં દારૂ-ડ્રગ્સની બદીને લીધે યુવાનો નશાખોરીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. ગુજરાત દારૂ-ડ્રગ્સનું પ્રવેશદ્વાર તો બન્યું જ છે, પરંતુ હવે નશાખોરીનું એપી સેન્ટર બની રહ્યું છે તે અત્યંત ચિંતાજનક બાબત છે.

# જેલમાં મોબાઈલના ઉપયોગ મામલે નારાયણ સાંઈ સામે ગુનો નોંધાયો

(એચ.એસ.એલ),સુરત,તા.૨૯

આસારામ બાપુના પુત્ર નારાયણ સાંઈની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા નારાયણ સાંઈ વિરુદ્ધ સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં મોબાઈલ ફોન રાખવા અને તેનો ઉપયોગ કરવા બદલ નવો કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ સચિન પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. જેલ પ્રશાસનને ગુરુવારે ગુપ્ત માહિતી મળી હતી કે હાઈ-સિક્યુરિટી બેરેક નંબર-૧માં બંધ નારાયણ સાંઈ પાસે મોબાઈલ ફોન છે. માહિતી મળતાની સાથે જ જેલ સ્ક્વૉડે તાત્કાલિક કાર્યવાહી કરી અને નારાયણ સાંઈના અલગ સેલ (સેલ નંબર-૧)ની સઘન તપાસ કરી હતી. તપાસ દરમિયાન, લોખંડના મુખ્ય દરવાજાની પાછળ એક સ્માર્ટફોન ચુંબકની મદદથી ચોંટાડેલો મળી આવ્યો હતો. ફોન ઉપરાંત, તેની પાસેથી જિયો કંપનીનું એક સિમ કાર્ડ પણ જપ્ત કરવામાં આવ્યું છે.

# અમદાવાદનું આકાશ ઝેરી હવાથી ઢંકાઈ ગયું : એકયુઆઈ ૨૦૦ને પાર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



શિયાળાની શરૂઆત થતાં જ અમદાવાદનું આકાશ ધૂમ્મસ અને ઝેરી હવાથી ઢંકાઈ ગયું છે. ગઈકાલે શહેરનો સરેરાશ એકયુઆઈ ૨૦૦ને પાર પહોંચી ગયો હતો, જ્યારે આજે સવારે ૬ વાગ્યાની સ્થિતિએ પણ રાહતના કોઈ સંકેત નથી. ખાસ કરીને રાયખડ વિસ્તારમાં એકયુઆઈ ૩૦૮ સુધી પહોંચી ગયો છે, જે 'ખૂબ નબળી' શ્રેણીમાં આવે છે.

મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં એકયુઆઈ ૫૦-૧૬૦ હતો, પરંતુ ડિસેમ્બર નજીક આવતાં જ પ્રદૂષણમાં ખતરનાક વધારો થયો છે. અમદાવાદ શહેરમાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. ગઈકાલે, હવા ગુણવત્તા સૂચકાંક (એકયુઆઈ) ૨૦૦ ને વટાવી ગયો. આજે સવારે ૬ વાગ્યે, એકયુઆઈ ૧૯૫ નોંધાયો હતો, જ્યારે રાયખડમાં ૩૦૮ અને બોપલમાં ૨૪૭ નોંધાયો હતો. જો તમને શ્વાસ લેવામાં કોઈ તકલીફ હોય, તો બહાર નીકળતી વખતે માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવે છે.

# અમદાવાદને સ્પોર્ટ્સ સિટી બનાવવા ૨૮૩ કરોડના ખર્ચે ૧૦ નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવાશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૯



અમદાવાદમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે લીલીઝંડી મળતા એમએમસી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા અને અમદાવાદને સ્પોર્ટ્સ સિટી બનાવવા શહેરના વિવિધ વિસ્તારમાં ૨૮૩ કરોડના ખર્ચે ૧૦ નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવાની અને ૨૯.૨૧ કરોડના ખર્ચે હયાત અને નવા ૨૭ પ્લે ગ્રાઉન્ડ તૈયાર કરવાની તૈયારી શરૂ કરી છે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે અમદાવાદ યજમાન બન્યું છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સ્પોર્ટ્સ ફેસીલીટી ડેવલપ કરવાની કામગીરી થઈ રહી છે અને પરિણામે શહેરમાં મોટા પાયે સ્પોર્ટ્સ સુવિધા ઉભી કરાઈ છે જેના પગલે હવે અમદાવાદ આગામી દિવસોમાં સ્પોર્ટ્સ સિટી બનશે. અમદાવાદ કોમનવેલ્થ ગેમ માટે યજમાન બન્યું છે ત્યારે સ્માર્ટ સિટીમાં જરૂરી સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની કામગીરી થઈ રહી છે.

# ઉત્તરાખંડના પહાડી વિસ્તારમાં હિમવર્ષાના કારણે ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં તાપમાન ઘટ્યું

અમદાવાદ,તા.૨૯



દેશમાં શિયાળાની સિઝનની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાને કારણે ઉત્તર ભારતમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેની સીધી અસર ગુજરાત સહિત પશ્ચિમ ભારત પર પણ જોવા મળી રહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ડિસેમ્બર મહિનાના પ્રારંભથી જ ઠંડીમાં નોંધપાત્ર વધારો થશે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રીનો ઘટાડો થયો છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં તાપમાન સ્થિર રહ્યું છે. કચ્છના નલિયામાં સૌથી ઓછું તાપમાન ૧૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત ભુજમાં ૧૬.૦ ડિગ્રી સેલ્સિયસ, કંડલા બંદરમાં ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૮.૦ ડિગ્રી સેલ્સિયસ, કેશોદમાં ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં ૧૯.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

# અમદાવાદમાં ઈમારત પરથી કૂદીને એક યુવતીએ મોત વ્હાલુ કર્યું

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ શહેર આપઘાતોનું શહેર બની રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં અહી ઉંચી ઈમારતોથી છલાંગ લગાવીને મોત વ્હાલુ કરનારાઓની સંખ્યા વધી રહી છે. ત્યારે અમદાવાદમાં વધુ એક ઈમારત પરથી કૂદીને એક યુવતીએ મોત વ્હાલુ કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના ગુપ્તાનગરમાં સિદ્ધિવિનાયક બિલ્ડીંગના ૫ માં માળેથી પડતું મૂકી એક યુવતીએ આપઘાત કર્યો છે. આ યુવતી કોણ છે અને ક્યાંથી આવી હતી તે હજી સામે આવ્યું નથી. જોકે, યુવતીના આપઘાતનું કારણ અકબંધ છે. ગુજરાતના અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. એક યુવકે પોતાને ડેટિંગ કરતી સ્ત્રી સાથેના ઝઘડા બાદ હોસ્પિટલમાં આત્મહત્યા કરી લીધી. તેણે પોતાની જાતને પેટ્રોલ છાંટીને લાઈટરથી આગ લગાવી દીધી. ભીડ જોતી રહી.

# માવઠાંની આગાહી વચ્ચે વાદળછાયું વાતાવરણ : ડિસેમ્બરમાં ૧૦ દિવસ કમોસમી વરસાદની વકી

અમદાવાદ,તા.૨૯

ઓક્ટોબરમાં પડેલા કમોસમી વરસાદના મારથી હજુ ખેડૂતો પગભર નથી થયા ત્યાં ડિસેમ્બરમાં એક સાથે બે માવઠાં પડવાની આગાહી કરાઈ છે. આગાહીકાર રમણિક વામજાએ જણાવ્યું હતું કે, માગશર મહિનાની અંદર ૭થી ૧૦ ડિસેમ્બર સુધીમાં હવામાનમાં પલટો આવશે અને માવઠાં રૂપી વરસાદ થશે. બીજું માવઠું ૨૩થી ૨૮ ડિસેમ્બરના સમય વચ્ચે સમગ્ર સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો આવશે.











